# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 22-07-2026 I VOL : 12 I Issue : 127 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

ધીરજ રાખનાર ક્યારેય ખાલી હાથ રહેતો નથી. જે બદલાય છે તે જ આગળ વધે છે.


3  આદિજાતિ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે વિકાસનો નવો સૂર્યોદય...

4  દિલ્હીમાં વિરોધ પ્રદર્શન પર ખાખીનો કડપો: લોકસભાના વિરોધ...

6  સાઉથમાં હવે એક્ટ્રેસના બેલીબટનનું ઝનૂન નથી રહ્યું: કાજલ અગ્રવાલ

7  ઈન્ડિયાના સિલેક્ટર્સ રોહિત-વિરાટને અડી પણ નહીં શકે: અશ્વિન


## એક નજર...

### વ્હાઈટ ઓફ શોલ્ડર ગાઉનમાં અંકિતા દવેનો ગ્લેમરસ અવતાર



પોતાના બોલ્ડ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની ગ્લેમરસ તસવીરોને કારણે ચર્ચામાં છે. હાલમાં અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરો જોઈ ચાહકોના હૃદયના ધબકારા વધી ગયા છે અને તેની તસવીરો પર ઘણા બધા હાર્ટ અને ફાયર ઈમોજીસ પોસ્ટ કરી રહ્યા છે.

### PM આવાસ બહાર પ્રદર્શનકારીઓ હટાવાયા

# ધરણા પર બેઠેલા રાહુલને પોલીસ ઉપાડીને લઈ ગઈ

## રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને અલગ-અલગ પોલીસ સ્ટેશન લઈ જવાયા

નવી દિલ્હી

પીએમ આવાસ પાસે મંગળવારે બપોરે 3:30 વાગ્યે ધરણા પર બેઠેલા કોંગ્રેસીઓને પોલીસ સાંજે 6:30 વાગ્યે ઉપાડીને લઈ ગઈ. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ સહિત અનેક નેતાઓની અટકાયત કરી લેવામાં આવી છે. સરકારે 3 કલાકના ધરણા દરમિયાન રાહુલ સાથે 2 વાર વાતચીત કરી, પરંતુ તેઓ માન્યા નહીં. આ પછી 100થી વધુ પોલીસ કર્મચારીઓ પહોંચ્યા તો કોંગ્રેસીઓએ ઘેરો બનાવી લીધો અને રાહુલ સુધી પહોંચવા ન દીધા. કોંગ્રેસીઓ અને પોલીસ વચ્ચે અડધા કલાક સુધી ઝપાઝપી થતી રહી. પોલીસે લાઠીચાર્જ કર્યો. અંતે 12થી વધુ પોલીસ કર્મચારીઓ તેમને ઉપાડીને લઈ ગયા અને બસમાં બેસાડ્યા. પોલીસ અને પેરા મિલિટ્રીના જવાનો રાહુલ ગાંધીને હાથ-પગ પકડીને ઉપાડીને લઈ ગયા. 12થી વધુ મહિલા પોલીસ કર્મચારીઓએ પ્રિયંકાને ઘેરીને અટકાયતમાં લીધાં. પ્રિયંકા ગાંધીની અટકાયત કરીને પોલીસે વાનમાં બેસાડ્યા. પીએમ આવાસ પાસેથી હટાવવા માટે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ અને ગૃહ સચિવ ગોવિંદ મોહન પહોંચ્યા હતા. રાહુલ ગાંધી સાથે લગભગ 20 મિનિટ વાત કરી. આ પછી જિતેન્દ્ર સિંહ



ગૃહ મંત્રી અમિત શાહ પાસે ગયા. અમિત શાહ સાથે વાતચીત કર્યા પછી તેમણે ફરીથી રાહુલ સાથે વાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે રાહુલ ગાંધીની માગ હતી કે NEET પર સંસદમાં ચર્ચા થાય. રાહુલની આ માગ માની લેવામાં આવી હતી. પરંતુ રાહુલ પોતાની વાતથી ફરી ગયા. તેઓ બોલ્યા- હવે અમારી બે માંગો છે. પહેલી- NEET પર સંસદમાં ચર્ચા, બીજી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું.

## NEET પેપર લીક પર PM મોદીનું નિવેદન

### ભવિષ્ય માટે ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવીશું, દોષિતોને સજા અપાશે

નવી દિલ્હી

સંસદના મોનસૂન સત્રની શરૂઆત સાથે જ NEET પરીક્ષામાં કથિત ગોટાળાનો મુદ્દો ગરમાયો છે. આ દરમિયાન કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ NEET મુદ્દે સરકારનો પક્ષ રાખતાં જણાવ્યું છે કે, ગોટાળાની માહિતી મળતાં જ સરકારે ત્વરિત અને કડક કાર્યવાહી કરી હતી. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું છે કે આ મામલે 13 લોકોની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલાયા છે અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિલંબ વગર ફરીથી પરીક્ષા યોજી પરિણામ પણ જાહેર કરી દેવાયું હતું. 'ભવિષ્યમાં પેપર લીક રોકવા કડક પગલાં' કિરેન રિજિજૂએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાને ભવિષ્યમાં આવા પેપર લીક અટકાવવા માટે લેવાઈ રહેલા સખત પગલાંની રૂપરેખા આપી છે. સરકારે દોષિતોને સખતમાં સખત સજા આપવા અને ભવિષ્ય માટે સંપૂર્ણપણે 'ફૂલપ્રૂફ સિસ્ટમ' તૈયાર કરવા પર ભાર મૂક્યો છે જેથી નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈ રમત ન રમાય. સંસદના મોનસૂન સત્ર અંગે વાત કરતાં મંત્રીએ ઉમેર્યું હતું કે, NDA સત્ર દરમિયાન સકારાત્મક ભૂમિકા ભજવશે. દેશના હિત માટે લાવવામાં આવેલા બિલો અને કાયદાકીય કામકાજને પસાર કરવા માટે અમે એકજૂથ છીએ.

# સિક્કિમની નિર્માણાધીન ટનલ પર ભૂસ્ખલન, 8 મજૂરોનાં મોત

## 19 હજુ પણ ફસાયેલા; કાટમાળથી સુરંગ બંધ, રેસ્ક્યૂ કરવા ગયેલા કેટલાક વર્કર્સ બેભાન



ગંગટોક

સિક્કિમમાં સોમવારે એક ટનલ પર ભૂસ્ખલન થતાં તેનો પ્રવેશદ્વાર બંધ થઈ ગયો, જેના કારણે અંદર હાજર 27 મજૂરો ફસાઈ ગયા. તેમાંથી 8ના મોત થયા. બાકીના 19 મજૂરો હજુ પણ ફસાયેલા છે. નામચી જિલ્લાના મામરિંગ સ્થિત સમરદુંગ સુરંગમાં નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. જિલ્લા કલેક્ટર અનુપા તામલિંગે જણાવ્યું કે ફસાયેલા મજૂરોની સંખ્યા 27 થી ઓછી કે વધુ પણ હોઈ શકે છે.

સુરંગમાં મિથેન ગેસ લીક થવાની આશંકા છે. ઘણા બચાવકર્મીઓ ને અંદર જતી વખતે ચક્કર આવ્યા. કેટલાક બેહોશ પણ થઈ ગયા, જેના કારણે બચાવ કામગીરી પ્રભાવિત થઈ. જિલ્લા અધિકારી તમલિંગે જણાવ્યું કે બપોરે લગભગ 3:40 વાગ્યે પ્રશાસનને દુર્ઘટનાની જાણ થઈ. ત્યારબાદ એનડીઆરએફ, એસડીઆરએફ, જિલ્લા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ. સુરંગમાં પટેલ એન્જિનિયરિંગના 21 અને NHPCના 6 સહિત કુલ 27 મજૂરો ફસાયા હોવાની આશંકા છે.

## NEWS TRACK

### ટ્રમ્પનો કેનેડા પર પ્રહાર: 50 ટકા વધારાનો ટૅરિફ ઝીંકી 100 વર્ષ જૂનો કાયદો લાગુ કર્યો!

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડામાંથી આયાત થતી વિવિધ વસ્તુઓ પર 50% સુધીનો ટૅરિફ ઝીંકવાની જાહેરાત કરીને વૈશ્વિક ટ્રેડ વૉરમાં નવો મોરચો ખોલી દીધો છે. અમેરિકાનો આરોપ છે કે કેનેડા અમેરિકન કાર, દારૂ અને ડેરી પ્રોડક્ટ્સ સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરી રહ્યું છે. દારૂ, સિમેન્ટ, આઈસ હોકીના સાધનો, કપડાં અને ફર્નિચર જેવી અનેક વસ્તુઓ પર લાગુ થનારો આ નવો ટેક્સ આગામી 30 દિવસમાં એટલે કે 19 ઑગસ્ટથી અમલી બનશે. 100 વર્ષ જૂના કાયદાનો પહેલીવાર ઉપયોગ ટ્રમ્પે આ ટૅરિફ લાદવા માટે 'ટૅરિફ ઍક્ટ 1930'ની કલમ 338નો ઉપયોગ કર્યો છે. આ કાયદો અમેરિકન પ્રમુખને એવા દેશો સામે 50% સુધીની આકરા ટૅરિફ લાદવાની સત્તા આપે છે જે અમેરિકન સામાન સાથે ભેદભાવ કરે છે. લગભગ એક સદી જૂના આ કાયદાનો ઈતિહાસમાં પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. જોકે, અમેરિકાએ ઊર્જા, કીમતી ખનિજો, પોટાશ અને ફીશ જેવી કેટલીક મહત્ત્વની વસ્તુઓને આ ટૅરિફમાંથી મુક્તિ આપી છે.

### નેપાળે ચલણી સિક્કા પરથી વિવાદિત નકશો હટાવવાનો પ્રસ્તાવ ફગાવ્યો, ભારતના વિસ્તારો પોતાનામાં દર્શાવ્યા

નેપાળ સરકારે 1 રૂપિયાના સિક્કા પરથી વિવાદાસ્પદ રાષ્ટ્રીય નકશો હટાવવાનો પ્રસ્તાવ ફગાવી દીધો છે. આ નકશામાં ભારતના લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળનો હિસ્સો દર્શાવવામાં આવ્યા છે. નેપાળ રાષ્ટ્ર બેંક (NRB) એ પહેલા પ્રસ્તાવ મૂક્યો હતો કે, 1 રૂપિયાના સિક્કા પર છપાયેલા નેપાળના વિવાદાસ્પદ નકશાની જગ્યાએ મુસ્તાંગના ઐતિહાસિક મઠની તસવીર મૂકવામાં આવે. આ નકશાને સિક્કા પરથી હટાવવાના સમાચાર જેવા બહાર આવ્યા કે, તરત જ તેનો વિરોધ શરૂ થઈ ગયો. ત્યારબાદ મંત્રાલયે નેપાળ રાષ્ટ્ર બેંકને નિર્દેશ આપ્યો કે, ડિઝાઈનમાં બૌદ્ધ મઠની સાથે નેપાળનો રાષ્ટ્રીય નકશો પણ સામેલ કરવામાં આવે. ત્યારબાદ સંશોધિત પ્રસ્તાવ ફરીથી મંજૂરી માટે મોકલવામાં આવે. આ પહેલાં કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, નેપાળ સરકારે 1 રૂપિયાના નવા સિક્કાને મંજૂરી આપી દીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રસ્તાવ વર્તમાન સરકાર બન્યા પહેલાં તૈયાર થવાનો શરૂ થયો હતો.

# કરજણમાં 'ખાખી' અને 'ખાદી'ના કાળા કારોબારનો મહાધડાકો: ૯૯ ગામોમાં હપ્તા રાજનો અડ્ડો, દર મહિને કરોડોનો કાળો કમાઉ ધામ!

## પોલીસ સ્ટેશનથી 2 કિમીના અંતરે જ ધમધમે છે દેશી-વિદેશી દારૂ અને વરલી મટકાના અડ્ડા; ખાખીના કથિત વહીવટદારો સામે કાર્યવાહી કરવા ક્યાર સુધી ખચકાશે તંત્ર?

ડભોઇ / કરજણ / વડોદરા:

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર રહી ગઈ હોવાના અનેક કિસ્સાઓ સામે આવતા રહે છે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જે રીતે કાયદાના શાસનના ધજાગરા ઉડી રહ્યા છે, તે જોઈને આખું તંત્ર અને રાજ્યનું ગૃહ મંત્રાલય શરમમાં મુકાઈ જાય તેમ છે. કરજણ પોલીસ સ્ટેશનની બિલકુલ નાકની નીચે, માત્ર ૨ કિલોમીટરના અંતરે આવેલા કરમડી ગામથી લઈને આખા તાલુકાના ૯૯ જેટલા ગામડાઓમાં દેશી-વિદેશી દારૂની ભઠ્ઠીઓ અને વરલી મટકાના જુગારધામો ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે.

સ્થાનિક જાગૃત નાગરિકો અને આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલી સનસનાટીભરી વિગતો મુજબ, આ સમગ્ર કાળો કારોબાર ખાખી વર્દીમાં છુપાયેલા કેટલાક કથિત વહીવટદારો અને રાજકીય આકાઓના છત્રછાયા હેઠળ નિર્ભયપણે ચાલી રહ્યો છે.

### ગામડે-ગામડે પથરાયેલું દારૂ અને જુગારનું જાળું: આંકડા સાથે ચોંકાવનારો પર્દાફાશ


કરજણ તાલુકામાં કઈ જગ્યાએ કોના સંરક્ષણ હેઠળ કયો કાળો ધંધો ચાલી રહ્યો છે, તેનો વિગતવાર ચિટ્ઠો નીચે મુજબ છે:

કરમડી ગામ: કરજણ પોલીસ સ્ટેશનથી જરાક જ દૂર આવેલા કરમડી ગામમાં દેશી દારૂની ભઠ્ઠીઓ રાત-દિવસ ધમધમે છે. પોલીસની ગાડીઓ પસાર થાય છે પણ આ ભઠ્ઠીઓ સુધી પહોંચતી નથી!

કુરાલી ગામ (નવી નગરી): કુરાલી ગામમાં પાણીની ટાંકી પાસે 'નગીન' નામનો શખ્સ ખુલ્લેઆમ વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડી રહ્યો છે, જ્યાં અસંખ્ય યુવાનો પોતાની મહેનતની કમાણી લૂંટાવી રહ્યા છે.



હનુંભા કામડીયા



ભૂપત રબારી

### સાપા ગામ: નવી વસાહત પાસે આ જ 'નગીન' દ્વારા જુગારનો બીજો અડ્ડો ચલાવવામાં આવી રહ્યો છે.

રાણાપુર અને ચીમકી ગામ: રાણાપુર ગામનો સરપંચ પાર્થ શાહ, જે ભાજપ યુવા મોરચાના હોદ્દાનું પીઠબળ ધરાવે છે, તેના દ્વારા ચીમકી ગામમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારીને વેચાણ કરાવવામાં આવતું હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

કંડારી ગામ: કંડારી ગામમાં ટાવર પાસે પ્રદીપ વસાવા નામનો શખ્સ બેફામપણે ઈંગ્લિશ દારૂની હેરાફેરી અને વેચાણ કરી રહ્યો છે.

બારીયાવાસ: અહીં પરેશ કાંતિલાલ નામનો બૂટલેગર ઈંગ્લિશ દારૂનો કાળો કારોબાર ચલાવી રહ્યો છે.

### સસ્પેન્ડેડ વહીવટદારની પુનઃ એન્ટ્રી અને મહિને કરોડોના 'હપ્તા રાજ'નો ખેલ!

આ સમગ્ર વિવાદમાં સૌથી ઘાતક અને શરમજનક બાબત પોલીસ તંત્રમાં બેઠેલા કેટલાક કથિત 'વહીવટદારો'ની ભૂમિકા છે:

૧. હનુભા કામડીયાની વિવાદિત ભૂમિકા: ભૂતકાળમાં વિદેશી દારૂના ગંભીર કેસમાં સંડોવાયેલા, જેલની હવા ખાઈ આવેલા અને સસ્પેન્ડ થઈ ચૂકેલા હનુભા કામડીયા નામના કર્મચારીને કરજણના એક વગદાર રાજકીય નેતાના આશીર્વાદથી ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં બદલી કરાવી લાવવામાં આવ્યો છે! આરોપ છે કે આ કર્મચારી કરજણ પોલીસ સ્ટેશનનો કથિત વહીવટ સંભાળીને બૂટલેગરો પાસેથી હપ્તા ઉઘરાવે છે.

૨. LCB ASI ભૂપત રબારીનો દબદબો: ડભોઇ બીટમાં ફરજ બજાવતા એએસઆઈ ભૂપત રબારી, જે આખા જિલ્લાની LCB નો વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો છે, તેમનો રોફ અને દબદબો જિલ્લા પોલીસ વડા (SP) કરતાં પણ વધુ હોવાની ચર્ચાઓ વડોદરા પોલીસ બેડામાં ચગી રહી છે.

૩. ૯૯ ગામો અને કરોડોનું ભરણ: કરજણ તાલુકાના ૯૯ ગામોમાંથી એક-એક ગામદીઠ રૂ. ૧ થી ૧.૫ લાખનો હપ્તો ગણીએ તો પણ દર મહિને કરોડો રૂપિયાનું કાળું ભરણ એકઠું કરીને ઉચ્ચ સ્તર સુધી પહોંચાડવામાં આવતું હોવાનો સનસનાટીભર્યો આરોપ છે. એટલું જ નહીં, વગદાર નેતાઓને વિદેશી દારૂની મોંઘીદાટ બોટલો નજરાણા તરીકે પહોંચાડવામાં આવતી હોવાની પણ માહિતી છે.

### ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના 'ઝીરો ટોલરન્સ'ના દાવા સામે ખુલ્લો પડકાર!

રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી અવારનવાર દારૂ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ' ની વાત કરે છે. પરંતુ કરજણના આ દ્રશ્યો જોઈને એવું લાગે છે કે સ્થાનિક પોલીસ અને ભ્રષ્ટ વહીવટદારો સીધા ગૃહ રાજ્યમંત્રીને જ ખુલ્લી ચેલેન્જ ફેંકી રહ્યા છે.

સ્થાનિક યુવાધન દારૂ અને જુગારના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે, પરિવારના પરિવારો રોડ પર આવી રહ્યા છે, પરંતુ ખાદી અને ખાખીની સાઠગાંઠ સામે જનતા લાચાર બની ગઈ છે.

### 'પાક્કો ગુજરાત'ના 5 આકરા સવાલો – તંત્ર આપે જવાબ:

૧. જે કર્મચારી દારૂના કેસમાં જેલ જઈ આવ્યો હોય, તેને જ ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં કયા નેતાના ઈશારે મૂકવામાં આવ્યો?

૨. પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી દૂર ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ જિલ્લા એસ.પી. કે LCB PI ને કેમ દેખાતી નથી?

૩. શું ડભોઇ બીટના એએસઆઈ ભૂપત રબારી સમગ્ર જિલ્લાના LCB નો વહીવટ ચલાવે છે તે વાત સાચી છે?

૪. જો કરજણમાં દારૂના નશામાં કે અડ્ડાઓ પર કોઈ મોટી લટાર, લૂંટ કે હત્યા જેવી અપ્રિય હોનારત સર્જાશે તો તેની જવાબદારી કોની રહેશે? SP, LCB PI, કરજણ PI કે સ્થાનિક ધારાસભ્યની?

૫. શું ગૃહ વિભાગ આ વિવાદિત વહીવટદારો અને બૂટલેગરો પર તાત્કાલિક દરોડા પાડીને કડક કાયદાકીય કાર્યવાહી કરશે કે પછી હપ્તાનો ખેલ આમ જ ચાલુ રહેશે?

સ્થાનિક જનતા હવે મૌન બેસવાની મૂડમાં નથી. કરજણના યુવાનોના ભવિષ્યને બચાવવા માટે આ કાળી સાંકળને તાત્કાલિક અસરથી તોડી પાડવામાં આવે તેવી લોકમાંગ બુલંદ બની છે!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## આગામી 7 દિવસ ગુજરાતમાં મેઘતાંડવની એંધાણ : નવસારી, વલસાડ અને દ. ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની ઋતુ જામતાં જ હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની મોટી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં સર્જાયેલી સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રની હવામાન સિસ્ટમને પગલે વહીવટી તંત્ર પૂરેપૂરું એલર્ટ મોડ પર આવી ગયું છે. કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગર ખાતે રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વ્યાપક વરસાદી વાતાવરણ રહેશે: ૨૨ જુલાઈ: દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાક સ્થળોએ અતિભારે વરસાદની સંભાવના. ૨૨ અને ૨૩ જુલાઈ: ઉત્તર અને મધ્ય ગુજરાતના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લાઓમાં ખૂબ ભારે વરસાદનું રેડ/ઓરેન્જ એલર્ટ.

## વડોદરાના ફતેગંજમાં ચાય પે ચર્ચા વચ્ચે ખૂની ખેલ: જૂની અદાવતમાં યુવક અને તેના મિત્રો પર ઘાતક હથિયારો વડે તીક્ષ્ણ હુમલો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ફતેગંજ જેવા ધમધમતા અને પોશ વિસ્તારમાં ગત શુક્રવારે મોડી રાત્રે અસામાજિક તત્વોએ કાયદાનો ડર નેવે મુકીને ખુલ્લેઆમ ગુંડી ખેલ ખેલ્યો હતો. ફતેગંજ રોડ પર આવેલી જાણીતી હોટલ મિડ ટાઉન સામેની ચા ની લારી પર બનેલી આ ઘટનાએ સમગ્ર શહેરમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. જૂની અદાવતનો ખાર રાખીને ઘાતક હથિયારો સાથે ત્રાટકેલી ગેંગે ચા પી રહ્યા રહેલા યુવકો પર તાબડતોબ હુમલો કરી લોહિયાળ મંચ સર્જ્યો હતો. મળતી વિગતો અનુસાર, વડોદરાના તાંદલજા રોડ પર આવેલા સમીમ પાર્કમાં રહેતો આમીર અનીશ ખાન ગત શુક્રવારે મોડી રાત્રે પોતાના અંગત મિત્રો સાથે ફતેગંજ વિસ્તારમાં હોટલ મિડ ટાઉન સામે આવેલી ચા ની લારી પર ચા પીવા માટે આવ્યો હતો. મિત્રો શાંતિથી ચા ની ચુસકી મારતા વાતો કરી રહ્યા હતા, તે જ સમયે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે શાહબાઝ નુર મહંમદ ઉર્ફે મૈકુ પોતાના ૪ સાગરીતો સાથે મારક હથિયારો સાથે ત્યાં ધસી આવ્યો હતો. જૂની અદાવતનો ખાર મનમાં રાખીને આવેલા શાહબાઝ ઉર્ફે મૈકુ અને તેની ગેંગે કંઈ પણ વિચાર્યા વિના જ આમીર ખાન અને તેના મિત્રો પર તીક્ષ્ણ અને ઘાતક હથિયારો વડે તાબડતોબ હુમલો કરી દીધો હતો. હુમલાખોરોના અચાનક અને હિંસક આક્રમણથી ચા ની લારી પર હાજર અન્ય ગ્રાહકો અને સ્થાનિકોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘાતક હથિયારો વડે થયેલા આ હુમલામાં આમીર ખાન અને તેના સાથીદારો લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. હુમલાખોરો પોતાના ગંભીર ગુનાને અંજામ આપીને ઘટનાસ્થળે ભયનો માહોલ ઊભો કરી તુરંત જ અંધારાનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયા હતા.

## વડોદરામાં તંત્રની ઘોર બેદરકારીથી ગંભીર હોનારત સર્જાતા રહી ગઈ

વડોદરા

વડોદરા મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની અણઘડ કામગીરીને કારણે આજે એક નિર્દોષ પરિવાર પર મોટું સંકટ આવી પડ્યું હતું. શહેરના રામદેવ પીરની ચાલ નજીક આવેલા એક મકાનની દીવાલ અચાનક ભારે ધડાકા સાથે ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. બ્લાસ્ટ જેવા જોરદાર અવાજ સાથે દીવાલ તૂટી પડતાં આસપાસના રહીશો જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે જે સમયે આ ઘટના ઘટી ત્યારે પરિવારના સભ્યો ઘરના અન્ય સુરક્ષિત ભાગમાં હાજર હતા, જેના કારણે એક બહુ મોટી જાનહાનિ ટળી ગઈ હતી અને સમગ્ર પરિવારનો આબાદ બચાવ થયો હતો. પરંતુ આ હોનારતમાં ઘરની દીવાલ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ જતાં મકાનને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. ઘટનાની વિગતો મુજબ, વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિસ્તારમાં જાહેર શૌચાલયનું કન્ટેનર મુકવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન ક્રેન કે જે-સી-બીની બિનકાળજીભરી કામગીરીને કારણે ભારેખમ કન્ટેનર મકાનની દીવાલ સાથે જોરદાર રીતે અથડાયું હતું. ટક્કર એટલી ઘાતક હતી કે મકાનની મજબૂત દીવાલ ક્ષણભરમાં પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી. ઘટના બનતા જ સ્થાનિકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગરમ થઈ ગયું હતું.


## વડોદરાના ગોરવા વિસ્તારમાં રિક્ષામાં બેઠેલી મહિલાઓની નજરચૂકવી રૂ. 1 લાખની સોનાની ચેનની ચોરી: ગોરવા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

વડોદરા

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં નજરચૂકવીને ચોરી કરતી મહિલાઓનો એક કિસ્સો સામે આવ્યો છે. મુસાફરી દરમિયાન ઓટોરિક્ષામાં બેઠેલી બે અજાણી મહિલાઓએ એક મહિલા મુસાફરના થેલામાંથી પર્સમાંથી રૂ. 1 લાખની કિંમતની 20 ગ્રામ સોનાની ચેન તફડાવી લેતા ગોરવા પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી મુજબ, ગોરવા વિસ્તારમાં આવેલા તુલસી કોમ્પ્લેક્સમાં રહેતા હંસાબેન કિશોરભાઈ શર્મા અને તેમની બહેન ગીતાબેન મૂકુટા ગામે એક બેસણામાં ગયા હતા. પરત ફરતી વખતે મુકુટા બસ સ્ટેન્ડ પાસે હંસાબેને પોતાની 20 ગ્રામ વજનની સોનાની ચેન અને રોકડા રૂપિયા પર્સમાં મૂકીને તે પર્સને પોતાના મોટા થેલામાં સુરક્ષિત રીતે મૂકી દીધું હતું. ત્યારબાદ ગત રોજ સાંજે તેઓ વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી ગોરવા જવા માટે એક ઓટોરિક્ષામાં બેઠા હતા. આ રિક્ષામાં તેમની સાથે અન્ય બે અજાણી મહિલાઓ પણ મુસાફરી કરી રહી હતી.

### સુરતના ચર્ચિત 'ગોસ્ટ ડિમોલિશન' કાંડમાં મોટો ધમાકો

# SMC એક્ઝિક્યુટીવ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ સસ્પેન્શનને HCમાં આપ્યો પડકાર



### હાઈકોર્ટમાં આજના આ મહત્ત્વના દિવસ પર સમગ્ર રાજ્યની નજર ટકેલી છે. શું કમિશનર પોતાના બચાવમાં સુજલ પ્રજાપતિના દાવાઓને ફગાવશે કે પછી આ 'ગોસ્ટ ડિમોલિશન' કાંડમાં કોઈ મોટું માથું નાપાક સાબિત થશે?

સુરત

સુરત મહાનગરપાલિકા (SMC) ના બહુચર્ચિત અને વિવાદિત નાસીરનગર ડિમોલિશન કાંડમાં મોટો મોડ આવ્યો છે. સસ્પેન્ડ કરાયેલા SMC ના એક્ઝિક્યુટીવ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ પોતાના સસ્પેન્શનના ઓર્ડરને ગુજરાત હાઈકોર્ટમાં સીધો સવાલ ઉઠાવી પડકાર ફેંક્યો છે. આ કેસમાં સુજલ પ્રજાપતિએ કરેલા ધડાકાને કારણે સુરત મનપા તંત્ર અને ઉચ્ચ અધિકારીઓનો પરસેવો છૂટી ગયો છે. તેમણે હાઈકોર્ટ સમક્ષ સ્પષ્ટ દાવો કર્યો છે કે, તેમણે નાસીરનગરમાં જે પણ ડિમોલિશનની કામગીરી કરી હતી તે મ્યુનિસિપલ કમિશનરના આદેશ અને સૂચના મુજબ જ કરી હતી. નાસીરનગર ખાતે થયેલા ગેરકાયદેસર કે વિવાદિત ડિમોલિશન બાદ સમગ્ર મામલો ગરમાતાં મનપા તંત્ર દ્વારા નાના-મોટા અધિકારીઓ પર ગાજ પાડવામાં આવી હતી અને સુજલ પ્રજાપતિને સસ્પેન્ડ કરી દેવાયા હતા. પરંતુ સુજલ પ્રજાપતિએ હાઈકોર્ટના દરવાજા ખખડાવીને આખા ખેલનો પર્દાફાશ કર્યો છે. તેમની અરજીમાં એવો દાવો કરાયો છે કે: નાસીરનગરમાં ડિમોલિશનની તમામ કાર્યવાહી મ્યુનિસિપલ કમિશનરના કહ્યા મુજબ અને ઉચ્ચ સ્તરેથી મળેલી સૂચના અનુસાર જ કરવામાં આવી હતી. જો ડિમોલિશન નીતિ-નિયમો વિરુદ્ધનું હતું તો માત્ર નીચેના સ્તરના અધિકારીઓને જ બલીના બકરા કેમ બનાવાયા?

ઉચ્ચ અધિકારીઓના મૌખિક કે લેખિત આદેશોનું પાલન કરનારા એન્જિનિયર સામે કાર્યવાહી સાવ ગેરવ્યાજબી અને અન્યાયી છે.

એક્ઝિક્યુટીવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના આ આક્રમક વલણ અને ખુલાસા બાદ ગુજરાત હાઈકોર્ટે મામલાની ગંભીરતા જોઈને સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. આજની સુનાવણી દરમિયાન મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન દ્વારા હાઈકોર્ટ સમક્ષ પોતાનો અધિકૃત જવાબ અને એફિડેવિટ રજૂ કરવામાં આવશે.

હાઈકોર્ટમાં આજના આ મહત્ત્વના દિવસ પર સમગ્ર રાજ્યની નજર ટકેલી છે. શું કમિશનર પોતાના બચાવમાં સુજલ પ્રજાપતિના દાવાઓને ફગાવશે કે પછી આ 'ગોસ્ટ ડિમોલિશન' કાંડમાં કોઈ મોટું માથું નાપાક સાબિત થશે?

### પ્રભવ જોશીની જુનાગઢ મ્યુનિ.કમિ. પદેથી બે મહિનામાં ટ્રાન્સફર

# 28 IAS અને GAS કેડરના 13 અધિકારીઓની બદલી

ગાંધીનગર





ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યપાલની મંજૂરી બાદ 21 જુલાઈ, 2026ના રોજ 28 IAS અને GAS કેડરના 13 અધિકારીઓની બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. જુનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર પદેથી પ્રભવ જોશીની બે મહિનામાં જ બદલી કરી દેવામાં આવી છે. તેમને GIDCના જોઈન્ટ એમડી તરીકે મૂકવામાં આવ્યા છે. તેમની જગ્યાએ હવે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ તરીકે ફરજ બજાવતા આઈ. આર. વાળાને મૂકવામાં આવ્યા છે. જેને પગલે સ્થાનિક રાજકારણ અને પ્રજામાં ભારે આશ્ચર્ય સાથે વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. પ્રભવ જોશીએ જૂનાગઢ મનપાનો પદભાર સંભાળતાની સાથે જ તાત્કાલિક ફેરફારો શરૂ કરી દીધા હતા. તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કામગીરી બાબતે અત્યંત કડક વલણ અપનાવીને તંત્રને દોડતું કર્યું હતું. પ્રભવ જોશીને GIDC, ગાંધીનગરના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી અપાઈ છે. જ્યારે સુથાર રાજ રમેશચંદ્રને પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે, આઈ. આર. વાળાને જૂનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે અને સ્મિત સંતોષ લોઢાને સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે પણ મહત્વની નિમણૂકો કરવામાં આવી છે. એચ. જે. પ્રજાપતિને અમરેલી, કે. પી. જોશીને દેવભૂમિ દ્વારકા, ડી. કે. બ્રહ્મભટ્ટને ગાંધીનગર, હિરેન જિતેન્દ્રભાઈ બારોટને દાહોદ અને કે. એસ. ઝાલાને ડાંગ-આહવા DDO તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

### અધિક મુખ્ય સચિવના આદેશ બાદ મોડા આવનાર કર્મચારીઓની નોંધ કરાઈ

# સચિવાલયમાં કર્મચારીઓની સમયસર હાજરીની ચકાસણી

ગાંધીનગર



ગાંધીનગર સચિવાલયમાં કર્મચારીઓ સમયસર ફરજ પર હાજર થાય છે કે નહીં તેની ચકાસણી માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માના આદેશ બાદ સચિવાલયના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની હાજરીની તપાસ કરવામાં આવી હતી. સચિવાલયના બ્લોક નંબર 1થી 14 સુધીના વિવિધ વિભાગોના પ્રવેશદ્વાર પર કર્મચારીઓના ઓળખકાર્ડ સહિત હાજરી અંગે ચકાસણી કરવામાં આવી હતી. કર્મચારીઓ નિયત સમયસર ઓફિસમાં પહોંચે છે કે નહીં તેની તપાસ માટે પ્રવેશદ્વાર પર જ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મોડા પહોંચેલા કર્મચારીઓની નોંધ પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ ચેકિંગને પગલે સચિવાલયમાં કર્મચારીઓની સમયસર હાજરી અને ઓફિસમાં નિયમિતતા જળવાય તે માટે તંત્ર દ્વારા કડકાઈ દાખવવામાં આવી રહી હોવાના સંકેત મળ્યા છે.

### સુરત પોલીસે કાનપુરમાંથી ઝડપ્યો માસ્ટરમાઇન્ડ

# "માત્ર 11મું ભણેલા 18 વર્ષના યુવકે બનાવી નાખી 65 કરોડની ઠગાઈ કરતી વાયરસ એપ!

સુરત



સાયબર ક્રાઈમના ઈતિહાસમાં સુરત પોલીસે એક અદ્ભુત અને સનસનાટીભરી સફળતા મેળવી છે! માત્ર ૧૧મું ધોરણ ભણેલા અને કમ્પ્યુટર કોડિંગમાં માહેર એવા ૧૮ વર્ષના એક યુવકે ૬૫ કરોડ રૂપિયાથી પણ વધુની ઠગાઈ આચરતી એક ઘાતક વાયરસ એપ બનાવી દેશભરમાં મચાવેલો હાહાકાર સુરત પોલીસના સાયબર સેલે શમાવી દીધો છે. સુરત સાયબર ક્રાઈમની ટીમે ઉત્તર પ્રદેશના કાનપુરમાં દરોડો પાડીને આ આંતરરાજ્ય સાયબર ઠગાઈના માસ્ટરમાઈન્ડ યુવકની ધરપકડ કરી લીધી છે.

તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, આ ૧૮ વર્ષના માસ્ટરમાઈન્ડે એક એવો 'એપીકે' (APK) વાયરસ કે માલવેર તૈયાર કર્યો હતો, જે સોશિયલ મીડિયા કે મેસેજિંગ એપ્સ દ્વારા લોકોના મોબાઈલમાં એન્ટ્રી કરી લેતો હતો.

ઓટો-એક્સેસ અને ડેટા ચોરી: એકવાર આ એપ મોબાઈલમાં ઈન્સ્ટોલ થઈ જાય એટલે યુઝરના મોબાઈલનો પૂરો કંટ્રોલ આ ઠગ પાસે આવી જતો હતો.

બેંક ખાતા ખાલી: બેંક સંબંધિત ઓટીપી (OTP), પાસવર્ડ અને નેટબેંકિંગની ગુપ્ત વિગતો ચોરીને કરોડો રૂપિયા અલગ-અલગ ડમી બેંક એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી દેવામાં આવતા હતા. ૬૫ કરોડનો આંકડો: દેશભરના હજારો નાગરિકોને નિશાન બનાવીને આ વાયરસ એપ દ્વારા આશરે ૬૫ કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ આચરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સુરતમાં નોંધાયેલી સાયબર ફ્રોડની ફરિયાદોના આધારે જ્યારે સુરત સાયબર ક્રાઈમના ટેકનિકલ સેલે ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ અને આઈપી એડ્રેસ (IP Address) ટ્રેસ કરવાનું શરૂ કર્યું, ત્યારે તાર ઉત્તર પ્રદેશના કાનપુર સુધી લંબાયા હતા.

### નાસીરનગર ડિમોલિશન મામલે હાઈકોર્ટ ફરી લાલઘૂમ

# 'રાજ્ય સરકાર અમારી આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ના કરે' : HC

### સરકારી તંત્ર કાયદાથી ઉપર નથી અને નાગરિકોના હક્કોનું હનન કરીને કરવામાં આવતી આવી મનસ્વી કાર્યવાહી સામે કોર્ટ આંખ આડા કાન નહીં કરે

અમદાવાદ

સુરતના બહુચર્ચિત નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે આજે ફરી એકવાર રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા (SMC) ના વહીવટી તંત્રની આકરી ઝાટકણી કાઢી છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરતા તીખી ટિપ્પણી કરી હતી કે, 'રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ના કરે.' માત્ર નીચેના સ્તરના કર્મચારીઓને બલીનો બકરો બનાવીને ઉચ્ચ અધિકારીઓને બચાવવાની નીતિ સામે કોર્ટે કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. ઘટનાની વિગતો મુજબ, સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલી ગેરકાયદે કે વિવાદાસ્પદ ડિમોલિશન કામગીરી ('Ghost Demolition') ને લઈને અસરગ્રસ્તો દ્વારા હાઈકોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા યોગ્ય કાયદાકીય પ્રક્રિયા અને નોટિસ પાઠવ્યા વિના જ જે રીતે ડિમોલિશનની બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી હતી, તેને લઈને હાઈકોર્ટે શરૂઆતથી જ આકરું વલણ અપનાવ્યું છે. અગાઉની સુનાવણીઓમાં હાઈકોર્ટના કડક વલણ બાદ તંત્ર દ્વારા કેટલાક નીચલા કક્ષાના કર્મચારીઓ અને નાયબ ઈજનેરો સામે સસ્પેન્શન



સહિતની કાર્યવાહી દર્શાવવામાં આવી હતી. જોકે, આજની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકાર અને પાલિકા તંત્રના આ પગલાંને અપૂરતું અને પક્ષપાતી ગણાવ્યું હતું.

કોર્ટે તીખા પ્રશ્નો પૂછતા વિનંતી કરી હતી કે, જો નાના અને નીચલા સ્તરના કર્મચારીઓ સસ્પેન્ડ થઈ શકતા હોય, તો આટલી મોટી અનિયમિતતા અને ગેરરીતિ માટે જવાબદાર સુરતના મ્યુનિસિપલ કમિશનર હજી સુધી પોતાના હોદ્દા પર કેમ બનેલા છે? મ્યુનિસિપલ કમિશનર સામે હજુ સુધી કોઈ પણ પ્રકારની શિસ્તભંગની કે કાયદાકીય કાર્યવાહી કેમ કરવામાં આવી નથી?

# રાધનપુર દૂધ મંડળી કૌભાંડ: ગરીબ પશુપાલકોની પરસેવાની કમાણીનું કરોડોનું ફુલેકું ફેરવનાર આરોપી જહા રબારી પર પોલીસના ચાર હાથ?

### પીડિતોનું કહેવું છે કે વારંવાર રજૂઆતો અને ફરિયાદો કરવા છતાં પોલીસ માત્ર ઠાલા આશ્વાસનો આપી રહી છે, જેના કારણે સ્થાનિકોમાં પોલીસની શંકાસ્પદ ભૂમિકા સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે

રાધનપુર

ઉત્તર ગુજરાતના રાધનપુર પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. સ્થાનિક દૂધ મંડળીમાં પશુપાલકોના હક્કના કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવીને ફરાર થઈ ગયેલા મુખ્ય સૂત્રધાર જહા રબારી સામે હજુ સુધી કડક કાર્યવાહી ન થતાં સમગ્ર વિસ્તારમાં ભારે વિરોધનો વંટોળ ઊભો થયો છે. દિવસ-રાત કાળી મજૂરી કરીને દૂધ ભરાવતા ગરીબ પશુપાલકો પોતાના જમા નાણાં પાછા મેળવવા માટે દર દરની ઠોકરો ખાઈ રહ્યા છે, પરંતુ આરોપી સામે ખાખી વર્દીના 'ચાર હાથ' હોય તેમ લાગી રહ્યું હોવાના ગંભીર આરોપો સ્થાનિકો લગાવી રહ્યા છે. મળતી વિગતો અનુસાર, રાધનપુર આસપાસના ગ્રામીણ વિસ્તારોના સેંકડો ગરીબ અને મધ્યમવર્ગીય પશુપાલકો જે દૂધ મંડળીમાં રોજનું દૂધ ભરાવતા હતા, તેમાં જહા રબારી નામના શખ્સે મોટું આર્થિક કૌભાંડ આચર્યું છે. દૂધના હિસાબ અને બોનસના નામે પશુપાલકોના લાખો-કરોડો રૂપિયા પોતાની પાસે રાખીને આ શખ્સ આખી મંડળીનું ફુલેકું ફેરવી ગયો છે. માલધારીઓ અને પશુપાલકો માટે આ રકમ માત્ર પૈસા નથી, પરંતુ તેમના પરિવારનું ગુજરાન, બાળકોનું શિક્ષણ અને ઢોર-ઢાંખરના નિભાવનો આધાર હતી. અચાનક બનેલી આ ઘટનાથી અનેક પરિવાર રસ્તા પર આવી ગયા છે અને પશુપાલકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આટલું મોટું કૌભાંડ આચર્યા બાદ અને અનેક પરિવારના રોટલા છીનવાઈ ગયા હોવા છતાં, રાધનપુર પોલીસ દ્વારા આરોપી જહા રબારી સામે યોગ્ય કે પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં આવતી નથી હોવાનો પીડિત પશુપાલકોનો આક્ષેપ છે.

ગામલોકો અને પીડિતો ખુલ્લેઆમ સવાલ ઉઠાવી રહ્યા છે કે:

આટલું મોટું ફુલેકું ફેરવનાર આરોપી પોલીસની પકડથી દૂર કેમ છે?

શું પોલીસ અને કૌભાંડી જહા રબારી વચ્ચે કોઈ છૂપી સાઠગાંઠ છે?

શું રાજકીય કે આર્થિક વગના કારણે પોલીસ તંત્ર આરોપી પર મહેરબાન છે?

પાક્કો ગુજરાત
બુધવાર I 22 જુલાઈ 2026 I અમદાવાદ

### આદિજાતિ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે

# વિકાસનો નવો સૂર્યોદય : રૂપિયા 33.84 કરોડના ખર્ચે 139 નવી ST બસોનું પ્રસ્થાન

### રોડ કરતાંય ઊંચી ગટર બનાવી દેનારો આ કયો મહાન એન્જિનિયર છે? એન્જિનિયરિંગના નિયમો નેવે મૂકી કોન્ટ્રાક્ટરે આદરી મનમાની



ગાંધીનગર

રાજ્યના આદિજાતિ વિસ્તારોના યુવાનો અને વિદ્યાર્થીઓનું શિક્ષણ ક્ષેત્રે ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે ગુજરાત સરકારે એક ઐતિહાસિક અને પ્રશંસનીય કદમ ઉઠાવ્યું છે. ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કરકમલો દ્વારા 'ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન સેવા'નો દબદબાભેર શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ખાસ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મંત્રીમંડળના સભ્યો તેમજ અન્ય વરિષ્ઠ મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) ના સંયુક્ત ઉપક્રમે રૂ. ૩૩.૮૪ કરોડના અધધ ખર્ચે તૈયાર કરવામાં આવેલી ૧૩૯ નવી ST બસોને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને પૂજા-અર્ચના કર્યા બાદ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આદિજાતિ અને ડુંગરાળ વિસ્તારોના અંતરિયાળ તથા દુર્ગમ ગામડાઓમાં રહેતા વિદ્યાર્થીઓને અગાઉ શાળા-કોલેજ સુધી પહોંચવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી. પરંતુ આ નવીન સુવિધાસભર બસ સેવા શરૂ થવાથી હવે વિદ્યાર્થીઓને સમયસર, સરળ અને અત્યંત સુરક્ષિત પરિવહનની સુવિધા ઘરઆંગણે જ મળી રહેશે.

સરકારના આ મહત્વકાંક્ષી નિર્ણયથી ખાસ કરીને ગ્રામીણ વિસ્તારની દીકરીઓ માટે કન્યા કેળવણીને મોટો વેગ મળશે અને ઉચ્ચ શિક્ષણ મેળવવાની દિશામાં નવું પ્રોત્સાહન પૂરું પડશે. અંતરિયાળ વિસ્તારોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડતી આ સેવા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે મીલનો પથ્થર સાબિત થશે. આ ઉપરાંત, વિદ્યાર્થીના ઘરેથી શાળા અને શાળાએથી ઘર સુધીની સમયસર અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થા મળતી થશે. બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન હેઠળ આ તમામ બસોને GPS પદ્ધતિથી મોનિટરિંગ અને રોજેરોજ બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓનું નામ, બસ પાસ નંબર, રૂટ, શાળા તથા ગામની વિગતોનું વેબ પોર્ટલના માધ્યમથી અપડેટ પણ મળતું રહેશે. શાળા કોલેજ સમય બાદ આ બસોની સુવિધા રેવન્યુ મોડલથી આદિજાતિ વિસ્તારોના લોકોને પણ મળી શકશે.

## સેવાલીયા પોલીસનો મોટો ધમાકો : ભાવનગરના 'સિક્કો કટિયા'એ મંગાવેલો ઘાતક હથિયારોનો જથ્થો ઝડપાયો

સેવાલીયા

ગુજરાતમાં ગેરકાયદેસર હથિયારોની ઘૂસણખોરી અને અસામાજિક તત્વોના મનસૂબાઓ પર સેવાલીયા પોલીસે પાણી ફેરવી દીધું છે. ભાવનગરના કુખ્યાત સિકંદર ઉર્ફે 'સિક્કો કટિયા' માટે સ્પેશિયલ ઓર્ડર પર મંગાવવામાં આવેલો મારક હથિયારોનો અતિ ભયાનક જથ્થો સેવાલીયા પોલીસે સમયસૂચકતા વાપરીને ઝડપી પાડ્યો છે. પોલીસે આંતરરાજ્ય હથિયાર તસ્કરી રેકેટનો પર્દાફાશ કરીને ત્રણ રીઢા આરોપીઓની ધરપકડ કરી લીધી છે. મળતી વિગતો અનુસાર, સેવાલીયા પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પરપ્રાંતમાંથી ગેરકાયદેસર રીતે ઘાતક હથિયારોનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ હલચલ કરતા ત્રણ શખ્સોને દબોચી લીધા હતા.

ઝડપાયેલા આરોપીઓની તલાશી લેતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તેમની પાસેથી નીચે મુજબનો ઘાતક દારૂગોળો અને હથિયારો મળી આવ્યા હતા: ૪ દેશી પિસ્ટલ, ૧ રિવોલ્વર, ૨ વધારાના મેગેઝિન, ૪૦ જીવતા કારતૂસ (લાઈવ કાર્ટ્રિજ), સેવાલીયા પોલીસે હથિયારોના આ મોટો જથ્થા સાથે ઘટનાસ્થળેથી જ ત્રણ સાગરીતોની અટકાયત કરી કાયદાકીય શિકંજો કસ્યો છે.

## ઊંઝામાં વિશ્વસ્તરીય સ્પાઈસ પાર્ક અને મહેસાણામાં રાષ્ટ્રીય દિવેલા વિકાસ બોર્ડ સ્થાપવા રજૂઆત

મહેસાણા

મહેસાણા તથા ઉત્તર ગુજરાતના ખેડૂતોના હિત અને કૃષિ વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે મહેસાણા લોકસભા ક્ષેત્રના સાંસદ હરિભાઈ પટેલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ, મૂલ્યવર્ધન (Value Addition), કૃષિ આધારિત ઉદ્યોગોના વિકાસ અને નિકાસ વધારવાના આશયથી ૪ મહત્વપૂર્ણ પ્રજાકીય માંગણીઓ રજૂ કરીને ત્વરિત નિર્ણયો લેવા આગ્રહભરી વિનંતી કરી હતી. સાંસદ હરિભાઈ પટેલ દ્વારા કેન્દ્રીય મંત્રી સમક્ષ મુકાયેલી ૪ મુખ્ય માંગણીઓ: એશિયાના સૌથી મોટા મસાલા બજાર તરીકે પ્રખ્યાત ઊંઝા APMC ખાતે એક આંતરરાષ્ટ્રીય સ્તરનો 'સ્પાઈસ પાર્ક' બનાવવાની જોરદાર રજૂઆત કરાઈ. આ પાર્કમાં



આધુનિક ક્લીનિંગ, ગ્રેડિંગ, પ્રોસેસિંગ, પેકિંગ, કોલ્ડ સ્ટોરેજ, હાઈટેક ક્વોલિટી ટેસ્ટિંગ લેબોરેટરી અને ટ્રેડ સેન્ટર જેવી સુવિધાઓ ઊભી થશે. આનાથી ખેડૂતો સીધા વૈશ્વિક નિકાસકારો (Exporters) સાથે જોડાઈ શકશે. ૨. મહેસાણામાં 'રાષ્ટ્રીય દિવેલા (Castor) વિકાસ બોર્ડ'ની માંગ: દેશના અગ્રણી દિવેલા ઉત્પાદક જિલ્લાઓમાં મહેસાણા મોખરે હોવાથી, દિવેલાના પાક માટે સંશોધન, પ્રોસેસિંગ અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે સ્વતંત્ર રાષ્ટ્રીય કક્ષાનું દિવેલા વિકાસ બોર્ડ સ્થાપવા અગાઉ કરાયેલી રજૂઆતને ઝડપથી મંજૂરી આપવા ટકોર કરી.

### વિદ્યાર્થીઓ પર બેરહમીથી લાઠીચાર્જ કરનારા કોણ?

## નકલી રાષ્ટ્રવાદીઓનો ભેડિયા જેવો માનવભક્ષી ચહેરો બેનકાબ, શિક્ષણ આંદોલને ભ્રષ્ટ તંત્રના છોભીલા પાડ્યા

સુરત

વિદ્યાર્થીઓના હક અને શિક્ષણ ક્ષેત્રના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવી રહેલા અબુધ યુવાનો પર તાજેતરમાં થયેલા હિંસક અને ઘાતકી લાઠીચાર્જને લઈને સમગ્ર રાજ્યમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. સોશિયલ મીડિયા અને મીડિયામાં વાયરલ થયેલી તસવીરોએ સુરક્ષા તંત્ર અને કથિત સંગઠનોની ભૂમિકા સામે ગંભીર અને સનસનાટીભર્યા સવાલો ઊભા કર્યા છે.

વાયરલ થયેલા ફોટોગ્રાફ્સ અને વીડિયો ફૂટેજમાં વિદ્યાર્થીઓ પર લાઠીઓ વરસાવતા શખ્સોને જોતાં જ અનેક આશંકાઓ જાગી છે. આ શખ્સોની વિચિત્ર હેર સ્ટાઈલ, મોંઘા-ફેન્સી કપડાં અને સ્પોર્ટ્સ શૂઝ સ્પષ્ટ દર્શાવે છે કે તેઓ કોઈ પણ એંગલથી આર્મીના જવાન કે શિસ્તબદ્ધ પોલીસ કર્મચારી લાગતા નથી.

સવાલ એ ઊભો થાય છે કે ખાખી વર્દી





વગરના આ ગુંડા તત્વો કોણ હતા? કોઈપણ સામાન્ય અને માનસિક રીતે સ્વસ્થ યુવક શાંતિપૂર્ણ આંદોલન કરતા વિદ્યાર્થીઓ પર આટલી નિર્દયતાથી લાઠીચાર્જ કરી જ ન શકે. આ પ્રકારનું અમાનવીય કૃત્ય માત્ર બે જ પ્રકારના લોકો કરી શકે: ૧. કાં તો અત્યંત તાલીમબદ્ધ શૂટર્સ/ગુંડાઓ. ૨. કાં તો અંધશ્રદ્ધા, નશા અને બ્રેઈનવોશના ઘેનમાં અંધ બનેલા કટ્ટરપંથીઓ.

આ પ્રકારની તાલીમ, નશો અને બ્રેઈનવોશ એટલે કે 'થ્રી-ઈન-વન'ની સેવાઓ કઈ ફેક્ટરીમાં કે કયા સંગઠનના અડ્ડાઓ પર પૂરી પાડવામાં આવે છે, તે હવે જનતાથી છૂપું રહ્યું નથી! શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલા ભ્રષ્ટાચાર અને પેપર લીક સામે ચાલી રહેલા આ આંદોલનથી સિસ્ટમમાં કેટલો સુધાર આવશે તેની આશા આ ભ્રષ્ટ તંત્ર પાસેથી રાખવી નકામી છે. પરંતુ આ આંદોલનની સૌથી મોટી અને ઐતિહાસિક સફળતા એ રહી છે કે તેણે રાષ્ટ્રવાદનું નકલી મહોરું પહેરીને ફરતા એક કથિત સંગઠનનો અસલી ચહેરો જનતા સામે ખુલ્લો પાડી દીધો છે.

## કેનાલમાં બાળકો સાથે પરણિતાના આપઘાત મામલો : પતિના અફેર અને સાસરિયાના ત્રાસથી કંટાળી બે બાળકો સાથે કેનાલમાં ઝંપલાવ્યું હતું

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામે રહેતી પરણિતાને તેના પતિના અનૈતિક સંબંધો અને સાસરિયાંના માનસિક-શારીરિક ત્રાસના કારણે બે નિર્દોષ બાળકો સાથે ગત 11 જૂને કેનાલમાં ઝંપલાવવાની ફરજ પડી હતી. આ કરુણ દુર્ઘટનામાં માસૂમ પુત્ર અને માતાનું મોત નીપજ્યું છે. આ મામલે ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકે પતિ, દાદા સસરા, દાદી સાસુ અને પતિની પ્રેમિકા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો છે. મહેસાણા જિલ્લાના રામપુરા (મુલસણ)ના વતની પરિણીતાના પિતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની દીકરીના લગ્ન વર્ષ 2017માં પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ખાતે રહેતા શખ્સ સાથે થયા



હતા. પરિણીતાને સંતાનમાં છ વર્ષનો પુત્ર અને આઠ માસનો પુત્ર હતા. લગ્નના શરૂઆતના બે વર્ષ સંસાર સારો ચાલ્યા બાદ 2020થી ગૃહક્લેશ શરૂ થયો હતો. કેમ કે પતિને અન્ય કોઈ મહિલા સાથે આડા સંબંધો હોવાની જાણ પત્નીને થઈ ગઈ હતી. જ્યારે પણ પત્ની આ બાબતે પતિને રોકટોક કરતી ત્યારે પતિ તેની સાથે મારઝૂડ કરી ત્રાસ આપતો હતો. એટલું જ નહીં ઘરમાં રહેતા દાદા સસરા અને દાદી સાસુ પણ પૌત્રનું ઉપરાણું લઈ પરિણીતાને મેણાટોણા મારી ત્રાસ આપતા હતા. જ્યારે પતિની પ્રેમિકા પણ અવારનવાર ઘરે આવી પત્ની સાથે ઝઘડો કરી માનસિક ત્રાસ આપતી હતી.

### ગાડીમાંથી બિયરના ટીન મળતા હોબાળો!

## ડભોઇની મહુડી ભાગોળ પાસે નશામાં ધૂત વિદેશી વિદ્યાર્થીઓની થાર કારે મચાવ્યો તાંડવ

ડભોઇ / વડોદરા

ડભોઇ શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મહુડી ભાગોળ વિસ્તારમાં આજે એક સનસનાટીભરી અને અરેરાટી ઉપજાવે તેવી અકસ્માતની ઘટના સામે આવી છે. ભારે પૂરઝડપે અને બેફામ રીતે આવી રહેલી મહારાષ્ટ્ર પાસિંગની એક મહેન્દ્રા થાર કારના ચાલકે કાબૂ ગુમાવતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા ત્રણ વાહનોને એકપછી એક કચડી નાખ્યા હતા. આ ભયાનક અકસ્માતને પગલે વિસ્તારમાં અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. સદ્નસીબે આ ભયાનક ઘર્ષણમાં મોટી જાનહાનિ ટળી હતી અને એક વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર પાર્સિંગની મહેન્દ્રા થાર ગાડી (નંબર: MH 12 XQ 2417) અત્યંત પૂરઝડપે અને બેફામ રીતે દોડી રહી હતી. મહુડી ભાગોળ નજીક પહોંચતા જ ચાલકે કાર પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો હતો. બેફામ બનેલી થાર કારે રસ્તા પર જઈ રહેલી એક સાયકલ, બાઈક અને અન્ય એક કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતા જ વાહનોનો ભુક્કો બોલી ગયો હતો. ધમાકાભેર અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓના ટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.



કારમાં સવાર લોકો દ્વારા બૂમાબૂમ અને ધાંધલ-ધમાલ કરાતાં શંકા જતાં સ્થાનિક લોકોએ કારની તલાશી લીધી હતી. કારનો દરવાજો ખોલતાં જ અંદરથી બિયરના ટીન મળી આવ્યા હતા, જેનાથી લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કારમાં સવાર તમામ લોકો દારૂના કુપ્રભાવ હેઠળ અતિશય બેફાન હાલતમાં હતા. પ્રાથમિક તપાસમાં કારમાંથી એક યુવતી સહિત કુલ ૬ જેટલા વિદેશી વિદ્યાર્થીઓ સવાર હોવાનું બહાર આવ્યું છે. અકસ્માતને પગલે રોડ પર ચીસાચીસ અને બૂમાબૂમ મચી ગઈ હતી. જોતજોતામાં રોડ પર લાંબો ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો.

## પોરબંદરના ખીસ્ત્રી ક્લસ્ટરના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય તાલીમ યોજાઇ

ગોસા(ઘેડ), વિરમભાઇ કે આગઠ

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) અંતર્ગત પ્રોજેક્ટ ડાયરેક્ટર સુશ્રી સીમા જે. શર્માના માર્ગદર્શન હેઠળ પોરબંદર તાલુકાના ખીસ્ત્રી ક્લસ્ટરના સ્વયંપ્રેરિત પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતો માટે કેકેવી, ખાપટ ખાતે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર (GPKVB) રાયમલ રબારી, આસિસ્ટન્ટ ટીમ મેનેજર (ATMA) ભરતભાઈ ગોસ્વામી તેમજ એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ રણજીતભાઈ દાસાની ઉપસ્થિતિમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન કેકેવી, ખાપટના વૈજ્ઞાનિક મિલન નંદાણીયા અને ડી. એચ. હડિયાએ ખેડૂત ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો–બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન અને મિશ્ર પાક પદ્ધતિ અંગે માહિતગાર કર્યા હતા. ઉપરાંત અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક અસ્ત્રોના ઉપયોગ વિશે પણ વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

### પ્રદેશ કાર્યાલય ' કમલમ્' ખાતે મંત્રી જગદીશ પંચાલે જિલ્લા ટીમ સાથે કર્યો વિચાર-વિમર્શ

## નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમને જન-જન સુધી પહોંચાડવા ભાજપ સજ્જ

ગાંધીનગર

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય અને પ્રેરણાદાયી રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના વિચારો અને સંદેશાઓને ગુજરાતના ખૂણે-ખૂણે તથા છેવાડાના નાગરિક સુધી પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે ભાજપ પ્રદેશ કાર્યાલય ' કમલમ્' ખાતે એક મહત્વપૂર્ણ અને વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યશાળામાં રાજ્ય સરકારના મંત્રી જગદીશ પંચાલે ઉપસ્થિત રહીને તમામ જિલ્લાઓમાંથી આવેલી ભાજપની સંગઠન ટીમો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને કાર્યક્રમને વધુ વ્યાપક બનાવવા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યશાળા દરમિયાન મંત્રી જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન




નરેન્દ્ર મોદી સાહેબનો 'મન કી બાત' કાર્યક્રમ માત્ર એક રેડિયો શો નથી, પરંતુ દેશના વિવિધ ખૂણેથી ઉભરી આવતી અનામી પ્રતિભાઓ, સામાજિક નવીનતાઓ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પોને ઉજાગર કરતું એક અદ્ભુત પ્લેટફોર્મ છે. બૂથ સ્તર સુધી આયોજન: ગુજરાત ભાજપ દ્વારા રાજ્યના દરેક બૂથ અને દરેક ગામ સુધી 'મન કી બાત' નું સાંભળવાનું આયોજન વધુ સુદ્રઢ અને શિસ્તબદ્ધ બનાવવામાં આવશે. યુવાનો અને મહિલાઓની ભાગીદારી: સ્થાનિક સ્તરે વધુને વધુ યુવાનો, મહિલાઓ અને સમાજના તમામ વર્ગો આ કાર્યક્રમ સાથે જોડાય તે માટે જિલ્લા ટીમોને વિશેષ રોડમેપ આપવામાં આવ્યો છે.

### નાગરિકો ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ-2 ખાતે રૂબરૂ રજૂઆત કરી શકશે

## CM ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 23મી જુલાઈએ યોજાશે 'રાજ્ય સ્વાગત'

ગાંધીનગર

ગુજરાત રાજ્યના નાગરિકોના પડતર પ્રશ્નો અને જનફરિયાદોનું ત્વરિત તેમજ સચોટ નિવારણ લાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજાતો લોકપ્રિય 'રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ' આગામી તા. ૨૩મી જુલાઈ ૨૦૨૬, ગુરુવારના રોજ યોજાનાર છે. નાગરિકો અને રજૂઆતકર્તાઓ માટે તંત્ર દ્વારા અરજી અને રજૂઆત કરવાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન રૂબરૂ રજૂઆત કરવાની તક, આ સ્વાગત કાર્યક્રમ




અંતર્ગત પોતાની સમસ્યાઓ અને રજૂઆતો કરવા માંગતા નાગરિકો માટે સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. તારીખ: ૨૩મી જુલાઈ ૨૦૨૬ (ગુરુવાર), સમય: સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી સ્થળ: મુખ્યમંત્રીશ્રીનું જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

જે નાગરિકો પોતાની અરજીઓ કે જનફરિયાદો મુખ્યમંત્રીસમક્ષ મુકવા માંગતા હોય, તેઓએ નિર્ધારિત સમયગાળા દરમિયાન સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને પોતાની રજૂઆત નોંધાવવાની રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સીધી દેખરેખ હેઠળ યોજાતા આ 'રાજ્ય સ્વાગત' કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત વિભાગોના સચિવો પણ સ્થળ પર હાજર રહે છે. નાગરિકો દ્વારા લાવવામાં આવેલા પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ થાય તે માટે તંત્ર દ્વારા પ્રશ્નોનું ઊંડાણપૂર્વક પૃથ્થકરણ કરી યોગ્ય દિશામાં કાર્યવાહી કરવામાં આવે છે.

### ચોમાસાની મૌસમ છતાં નર્મદા નદી કોરીધાકોર

## દક્ષિણ પ્રયાગ તીર્થધામની દયનીય સ્થિતિ, માફિયાઓના બેફામ રેતી ખનનથી લોકમાતાની દશા બેઠી થઈ, શાસકો આંખ આડા કાન કરીને બેઠા!

નર્મદા/ચાંદોદ

ચોમાસાની જામતી ઋતુ વચ્ચે જ્યાં નદીઓ બારમાસી વહેતી થવી જોઈએ, ત્યાં બીજી તરફ પવિત્ર લોકમાતા નર્મદા નદી કોરીધાકોર અને સુકાભટ્ટ બનેલી જોવા મળી રહી છે. દક્ષિણ પ્રયાગ તરીકે પૂજાતા પ્રખ્યાત તીર્થધામ ખાતે નર્મદાજીના પવિત્ર જળ સુકાઈ જતાં નદીની સ્થિતિ અત્યંત દયાજનક અને હૃદયદ્રાવક બની ચૂકી છે. નદીના પેટાળમાંથી અવિરત અને ગેરકાયદેસર રીતે ચાલતા રેતી ખનન માફિયાઓએ નર્મદાની આવી કરૂણ દશા કરી મૂકી છે, પરંતુ આટલું મોટું પાપ થતું હોવા છતાં સરકાર કે ખાણ-ખનિજ વિભાગ કોઈ જ નક્કર પગલાં ભરી રહ્યું નથી!

દક્ષિણ પ્રયાગ તરીકે ઓળખાતા પવિત્ર ધામમાં દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ પિતૃતર્પણ, સ્નાન અને પૂજા-અર્ચના માટે આવે છે. પરંતુ આજે ચોમાસાના દિવસોમાં પણ નદીમાં પાણીને બદલે માત્ર રેતીના ટીંબા અને ખાડા જ નજરે પડી રહ્યા છે. સ્થાનિકો અને સેવાભાવીઓના આક્રોશ મુજબ, ભૂમાફિયાઓ અને રેતી ખનન કરનારી રાક્ષસ ટોળકીઓએ નદીના પેટાળમાંથી બેફામ રીતે રેતી ઉલેચી નાખી છે. ભારે મશીનરીઓ અને બોટો મૂકીને નર્મદાજીની કૂખ કોતરી ખાવામાં આવી છે. આ ગેરકાયદેસર ખોદકામને કારણે નદીના કુદરતી વહેણ રોકાઈ ગયા છે અને સમગ્ર પવિત્ર પટ્ટ કોરોધાકોર બની ગયો છે. સરકાર અને ખનિજ વિભાગની સગવડિયા અંધાપો: કમિશનના ખેલમાં લોકમાતા બલિ ચડી?

આટલી ભયાનક સ્થિતિ સર્જાઈ હોવા છતાં, ગાંધીનગરથી લઈને સ્થાનિક વહિવટી તંત્ર સુધીના અધિકારીઓ મૌન ધારણ કરીને બેઠા છે. ગામલોકો અને શ્રદ્ધાળુઓ ખુલ્લેઆમ આરોપ લગાવી રહ્યા છે કે: દિવસ-રાત ચાલતા ગેરકાયદે ખનન સામે ખાણ-ખનિજ વિભાગ કેમ આંખ આડા કાન કરે છે? હપ્તાખોરી અને કમિશનના ખેલમાં રેતી માફિયાઓને ખુલ્લો દોર આપી દેવામાં આવ્યો છે?

## તંત્રી લેખ...

# જ્યારે અન્નનો એક દાણો ત્યજીને સત્તાના સિંહાસનો હલાવી દેવાયા

### વાચો એ ભૂખ હડતાળોની દાસ્તાન જેણે ભારતનો ઈતિહાસ લખ્યો અને નકશો બદલી નાખ્યો!

'જ્યારે અન્યાય સીમા વટાવી જાય, ત્યારે શબ્દો અને શસ્ત્રો પણ ટૂંકા પડે છે... અને ત્યારે જન્મ લે છે 'અહિંસક ઉપવાસ'નું એવું ઘાતક શસ્ત્ર, જેના આત્મબળ સામે દુનિયાની મોટામાં મોટી સલ્તનતો પણ ઘૂંટણિયે પડી જાય છે!'


લદ્દાખની માઈનસ ડિગ્રી તાપમાનમાં પોતાની સંસ્કૃતિ, જમીન અને ભવિષ્યની રક્ષા માટે ૨૧ દિવસના આમરણ અનશન પર બેઠેલા સોનમ વાંગચુક હોય કે પછી સ્વતંત્ર ભારતનો નવો નકશો કંડારનારા મહાનુભાવો–ભારતના ઈતિહાસમાં ભૂખ હડતાળ માત્ર પેટ ખાલી રાખવાનો ઉપવાસ નથી રહ્યો, પરંતુ સત્તાધિશોના અહંકારને ચૂર-ચૂર કરનારી એક ક્રાંતિ સાબિત થયો છે.

આજે 'પાક્કો ગુજરાત' આપને જણાવશે ભારતની એ ઐતિહાસિક ભૂખ હડતાળો વિશે, જેણે દેશનો તકદીર અને નકશો બંને બદલી નાખ્યા.

૧. ભગતસિંહ અને સાથીઓ: લાહોર જેલની ૧૧૬ દિવસની એ અગ્નપરીક્ષા

જેલના સળિયા પાછળ બ્રિટીશ હુકૂમત ભારતીય રાજકીય કેદીઓ સાથે જાનવરો જેવો વર્તણૂક કરતી હતી. અંગ્રેજોના આ અમાનવીય અત્યાચાર સામે ૧૯૨૯માં ક્રાંતિકારી શહીદ ભગતસિંહ અને તેમના સાથીઓએ લાહોર જેલમાં ભૂખ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું.

અંગ્રેજ સરકારે હડતાળ તોડવા માટે નાકના નસોમાંથી પળિયા વાટે બળજબરીથી દૂધ પીવડાવવાના ક્રૂર પ્રયાસો કર્યા, પરંતુ આઝાદીના આ દીવાનાઓ ટસના મસ ન થયા. આ જ ભૂખ હડતાળ દરમિયાન ૬૩ દિવસના સંગ્રામ બાદ ક્રાંતિકારી જતીન દાસે શહાદત વહોરી હતી. આ ભૂખ હડતાળે સમગ્ર દેશમાં ક્રાંતિનો એવો વંટોળ ઊભો કર્યો કે અંગ્રેજ હુકૂમતના પાયા હચમચી ગયા હતા.



૨. પોટ્ટી શ્રીરામુલુ: ૫૬ દિવસના અન્નત્યાગથી બદલાયો ભારતનો નકશો!

આઝાદી પછીનો સૌથી મોટો ઐતિહાસિક મોડ એટલે આંધ્રપ્રદેશ રાજ્યની રચના. અલગ તેલુગુ ભાષી રાજ્યની માંગણી સાથે ૨ ઓક્ટોબર ૧૯૫૨ના રોજ મહાત્મા ગાંધીના અનુયાયી પોટ્ટી શ્રીરામુલુએ આમરણ અનશન શરૂ કર્યા હતા.

૫૬ દિવસ સુધી અન્ન-જળનો ત્યાગ કર્યા બાદ પોટ્ટી શ્રીરામુલુએ પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા. તેમના બલિદાન બાદ સમગ્ર દક્ષિણ ભારતમાં એવી હિંસક ક્રાંતિ ફાટી નીકળી કે તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુએ ઝૂકવું પડ્યું. આ ભૂખ હડતાળને કારણે જ 'રાજ્ય પુનર્ગઠન પંચ' (States Reorganisation Act) ની રચના થઈ અને ભાષાના આધારે ભારતનો સમગ્ર નકશો જ નવેસરથી દોરવો પડ્યો!

૩. મહાત્મા ગાંધી અને અમદાવાદ મિલ મજૂર આંદોલન (૧૯૧૮)

ગાંધીજીએ સત્યાગ્રહ અને ભૂખ હડતાળને વિશ્વનું સૌથી મોટું અહિંસક હથિયાર બનાવ્યું હતું. અમદાવાદના મિલ મજૂરોના પ્લેગ બોનસ અને વ્યાજબી પગાર વધારાના હક માટે ગાંધીજીએ સાબરમતીના કિનારે પ્રથમ વખત ભારતની ધરતી પર ભૂખ હડતાળ કરી હતી.

મિલ માલિકોનો અહંકાર ગણતરીના દિવસોમાં ઓગળી ગયો અને મજૂરોને તેમનો હક મળ્યો. ગાંધીજીએ સાબિત કર્યું કે લોહીનું એક પણ ટીપું પાડ્યા વગર સત્તા અને મૂડીપતિઓને નમાવી શકાય છે.

૪. સોનમ વાંગચુક: ૨૧મી સદીનું બરફીલું આંદોલન અને લદ્દાખનો અવાજ

આજે જ્યારે આધુનિક યુગમાં સત્યાગ્રહના મૂલ્યો વિસરાઈ રહ્યા છે, ત્યારે લદ્દાખના જાણીતા શિક્ષણવિદ્ અને એન્જિનિયર સોનમ વાંગચુક ફરી એકવાર ઈતિહાસનું પુનરાવર્તન કરી રહ્યા છે.

લદ્દાખને બંધારણની છઠ્ઠી અનુસૂચિ (6th Schedule) હેઠળ સુરક્ષા આપવાની માંગ અને પર્યાવરણ બચાવવા માટે તેમણે ૧૫,૦૦૦ ફીટની ઊંચાઈ પર માઈનસ ૧૫ ડિગ્રી તાપમાનમાં ૨૧ દિવસ સુધી માત્ર પાણી અને મીઠાના સહારે 'ક્લાઈમેટ ફાસ્ટ' (ઉપવાસ) કર્યો. સોનમ વાંગચુકની આ ભૂખ હડતાળે દેશ અને દુનિયાનું ધ્યાન લદ્દાખ તરફ ખેંચ્યું છે અને સાબિત કર્યું છે કે જમીન અને પર્યાવરણ બચાવવાની લડાઈ આજે પણ અનશનના માર્ગે જ જીતી શકાય છે.

'પાક્કો ગુજરાત'નો આખરી બોલ:

ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઈ શાસક કે સત્તા અહંકારના નશામાં અંધ બનીને પ્રજાના અધિકારો છીનવવાનો પ્રયાસ કરે છે, ત્યારે સત્યાગ્રહનો એક અનશનકારી આખી સિસ્ટમ માટે સૌથી મોટો પડકાર બની જાય છે. ભૂખ હડતાળ એ નબળાઈ નથી, પરંતુ આત્મબળનો એ ઘાતક વિસ્ફોટ છે જેનાથી ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જાય છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દિલ્હીમાં યુવાનો પર કાયરતાપૂર્ણ લાઠીચાર્જ: 'મધર ઓફ ડેમોક્રેસી'માં અસહમતિ વ્યક્ત કરવી હવે અપરાધ?

### જંતર-મંતરની ઘટનાની સંપૂર્ણ નૈતિક અને રાજકીય જવાબદારી મોદી સરકાર સ્વીકારે

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી/અમદાવાદ

દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર પર આજે જે શરમજનક અને હિંસક દ્રશ્યો સર્જાયા, તેણે સમગ્ર દેશના લોકશાહી ઢાંચા સામે અનેક ગંભીર અને તીખા પ્રશ્નાર્થચિહ્નો ખડા કરી દીધા છે. પોતાના ભવિષ્ય માટે અને પરીક્ષાઓમાં થતી ધાંધલી સામે શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવી રહેલા દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓ પર દિલ્હી પોલીસને આગળ ધરીને જે બળપ્રયોગ કરવામાં આવ્યો, તે આ સરકારના અહંકાર અને વહીવટી નિષ્ફળતાની પરાકાષ્ઠા છે. જંતર-મંતરની આ સમગ્ર ઘટનાની સંપૂર્ણ નૈતિક, કાયદાકીય અને રાજકીય જવાબદારી કેન્દ્રની મોદી સરકારે સ્વીકારવી જ પડશે.

ભારતનું પવિત્ર બંધારણ દરેક નાગરિકને શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રજૂ કરવાનો, વિરોધ પ્રદર્શન કરવાનો અને તંત્ર સામે પોતાની વ્યાજબી માંગણીઓ મૂકવાનો મૂળભૂત અધિકાર આપે છે. પરંતુ, જ્યારે સરકાર જનતાના અવાજને સાંભળવાની અને ઉકેલ લાવવાની જગ્યાએ પોલીસની લાઠીઓના જોરે તેને દબાવી દેવાનો પ્રયાસ કરે, ત્યારે તે લોકશાહીની આત્મા પર સીધો પ્રહાર ગણાય. દિલ્હીમાં આજે જે બન્યું તેણે સાબિત કરી દીધું છે કે સરકાર સંવાદમાં નહીં, પરંતુ દમનકારી નીતિમાં માને છે.



વિદ્યાર્થીઓની સહનશીલતાની પણ એક હદ હોય છે. છેલ્લા ૨૦-૨૫ દિવસથી દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ, યુવાનો અને દેશના પ્રતિષ્ઠિત પર્યાવરણવિદ્ તથા વિચારક સોનમ વાંગચૂક જેવા વ્યક્તિત્વ ભૂખ હડતાળ પર બેસીને પોતાની વ્યાજબી માંગણીઓ માટે લડી રહ્યા હતા. આટલા દિવસો વીતી જવા છતાં કેન્દ્ર સરકાર તરફથી તેમની સાથે એક અર્થપૂર્ણ સંવાદ કરવાની કે તેમના પ્રશ્નોનો ઉકેલ લાવવાની સામાન્ય સૌજન્યતા પણ દર્શાવવામાં આવી નહીં. જ્યારે સરકારે સંવાદના તમામ દરવાજા વાસી દીધા, ત્યારે ઊંઘતી સરકારને જગાડવા માટે વિદ્યાર્થીઓને મજબૂર બનીને 'ચલો સંસદ'નું આહ્વાન કરવું પડ્યું.

લોકશાહીમાં અસહમતિ અને વિરોધનો જવાબ 'ચર્ચા અને સંવાદ'થી આપવામાં આવે છે, પરંતુ દુર્ભાગ્યવશ હાલની સરકાર 'મૌન અને માર'ની નીતિથી જવાબ આપી રહી છે. વિશ્વભરમાં જઈને 'મધર ઓફ ડેમોક્રેસી'ના મોટા-મોટા દાવો કરતા અને રેડિયો પર દેશવાસીઓને સલાહો આપતા દેશના વડાપ્રધાન પોતાના જ દેશના વિદ્યાર્થીઓનો સાચો અવાજ સાંભળવા તૈયાર નથી. પ્રેસ કોન્ફરન્સથી દૂર ભાગતી સરકાર આજે પોતાના જ યુવાનો સામે પોલીસ કમિશનરેટનો આશરો લઈ રહી છે.

ભૂતકાળમાં જ્યારે રાજસ્થાન કે અન્ય વિપક્ષ શાસિત રાજ્યોમાં પેપર લીક થતા હતા, ત્યારે ચૂંટણી મંચો પરથી આક્રમક ભાષણો આપીને યુવાનોના હિતેચ્છુ બનવાનો આડંબર કરવામાં આવતો હતો. પરંતુ આજે જ્યારે કેન્દ્ર સરકારના સીધા શાસન અને મંત્રાલયો હેઠળ યોજાતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓમાં કૌભાંડો સામે આવ્યા છે, ત્યારે સરકારના મુખમાંથી એક શબ્દ સરખો નીકળતો નથી. ક્યાં ગઈ એ કડકતા? ક્યાં ગઈ એ જવાબદારી?

દેશના ખૂણે-ખૂણેથી સામાન્ય પરિવારના યુવાનો પોતાના માતા-પિતાના પરસેવાની કમાણીમાંથી કરોડો રૂપિયાની ફી ભરીને પરીક્ષાઓ આપે છે. આટલી મોટી રકમો વસૂલ્યા પછી પણ જો સરકાર એક પારદર્શક, નિષ્પક્ષ અને સનીય પરીક્ષા પદ્ધતિ આપી શકતી ન હોય, તો આ સિસ્ટમની સંપૂર્ણ સડો અને નિષ્ફળતા જ છતી થાય છે. આવી સ્થિતિમાં કૌભાંડોની કૌટુંબિક અને નૈતિક જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પોતાના પદ પરથી તાત્કાલિક અસરથી રાજીનામું આપી દેવું જોઈએ. યુવાનોની આ માંગણી સંપૂર્ણપણે વ્યાજબી અને ન્યાયસંગત છે.

આજે દિલ્હીમાં જે લાઠીઓ વાગી છે, તેણે દેશ સમક્ષ કેટલાક અત્યંત ગંભીર પ્રશ્નો મૂક્યા છે:

શું લોકશાહીમાં અસહમતિ વ્યક્ત કરવી હવે મોટો અપરાધ બની ગઈ છે?

શું સરકારની ગેરરીતિઓ સામે પ્રશ્ન પૂછવો એ ગુનો છે?

અને જો નાગરિકો શાંતિપૂર્ણ આંદોલન કરી રહ્યા હોય, તો તેમના પર આટલો ઘાતકી બળપ્રયોગ કરવાની જરૂર શા માટે પડી?

સરકાર જો ઈચ્છતી તો પ્રથમ દિવસથી જ આંદોલનકારી પ્રતિનિધિઓને બોલાવીને ચર્ચા કરી શકી હોત અને આ મામલાનો ઉકેલ લાવી શકી હોત. પરંતુ સરકારનો અહંકાર આડે આવ્યો. સરકારે યાદ રાખવું પડશે કે સત્તા બંધારણથી મળે છે અને બંધારણ નાગરિકોને પોતાના હક્કો માટે લડવાનો અધિકાર આપે છે. વિરોધના અવાજને લાઠીઓથી દબાવી દેવાથી પ્રશ્નો ખતમ થતા નથી, બલ્કે આંદોલનની જ્વાળા વધુ તીવ્ર બને છે. મોદી સરકારે સમજવું પડશે કે યુવા શક્તિનો આક્રોશ જ્યારે સીમા વટાવશે, ત્યારે તેને રોકવો કોઈ પણ તંત્ર માટે અશક્ય બની જશે.

# માણસની ઓકાત તેના હોદ્દા કે પદ પરથી નહીં, પરંતુ તેની માણસાઈ અને સંસ્કારોથી મપાય છે!

પવન માકન

આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં લોકો વ્યક્તિની કિંમત તેના બેંક બેલેન્સ, બંગલા, ગાડી કે ઊંચા હોદ્દા પરથી આંકવાની ભૂલ કરી બેસે છે, ત્યાં સમાજ માટે એક બહુ મોટો સત્ય વિચાર ઊભરીને સામે આવે છે. હોદ્દો, પદ કે સંપત્તિ એ સમયની સાથે બદલાતી વસ્તુઓ છે, પરંતુ વ્યક્તિની સાચી ઓળખ અને તેની અસલી 'ઓકાત' તો તેના વર્તન, વિનમ્રતા અને લોહીમાં વણાયેલી માણસાઈથી જ નક્કી થાય છે. સમાજમાં ઊંચા હોદ્દા પર બેસેલા વ્યક્તિ જો અહંકાર અને મિથ્યાભિમાનમાં અંધ થઈને પોતાનાથી નાના કે સામાન્ય માણસને કચડવાનો પ્રયાસ કરે, તો એ પદ કે પ્રતિષ્ઠા સાવ નિરર્થક બની જાય છે.

હોદ્દો તો કાલે છે ને આજે નથી, પણ માણસાઈ અમર છે

ઈતિહાસ સાક્ષી છે કે સત્તાના નશામાં અહંકારી બનેલા અનેક શાસકો અને મોટા મોટા હોદ્દેદારો સમયના ચક્રમાં વિસરાઈ ગયા છે. પરંતુ જે લોકોએ સત્તા કે હોદ્દા પર હોવા છતાં પણ પોતાના દિલમાં કૌટુંબિક અને માનવીય મૂલ્યો જાળવી રાખ્યા, બીજાના દુઃખે દુઃખી થયા અને દયા-કરુણા દર્શાવી, તેમને દુનિયા આજે પણ પૂજનીય ગણે છે. હોદ્દો માણસને 'મોટો' બનાવી શકે છે, પણ 'મહાન' તો માત્ર તેની અંદર રહેલી માણસાઈ જ બનાવે છે.

### સાચો શ્રેષ્ઠ માણસ કોણ?

જે વ્યક્તિ પોતાનાથી નીચે કામ કરતા કર્મચારીઓ, ગરીબો કે અસહાય લોકો સાથે કેવું વર્તન કરે છે, તેના પરથી તેની સાચી સરવાણી પ્રગટ થાય છે. હોદ્દો: તમને સમાજમાં માન-સન્માનની ખુરશી અપાવી શકે છે, પરંતુ તે સન્માન કાયમી હોતું નથી. માણસાઈ: તમને લોકોના હૃદયમાં સ્થાન અપાવે છે, જે તમારા ગયા પછી પણ કાયમ માટે જીવંત રહે છે. કડવું સત્ય એ છે કે માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેની સાથે તેનો હોદ્દો, સત્તા કે હોદ્દાની તખતી જતી નથી. તેની સાથે માત્ર તેણે કરેલા સત્કર્મો અને લોકોના દિલમાં વાવેલી પ્રેમ અને માણસાઈની છાપ જ જાય છે.

### 'પાક્કો ગુજરાત'નો બોધપાઠ

પવન માકનનો આ વિચાર આજના સમાજ, નેતાઓ, અધિકારીઓ અને દરેક નાગરિક માટે એક અરીસો છે. આપણે જીવનમાં ગમે તેટલી ઊંચાઈઓ કે શિખરો સર કરીએ, પણ આપણા પગ હંમેશા જમીન પર રહેવા જોઈએ. બીજાને નીચા દેખાડવાને બદલે પ્રેમ, કરુણા અને આદર આપવો એ જ માનવ જીવનની સૌથી મોટી સફળતા છે. હોદ્દાનો અહંકાર છોડીને ચાલો આજે ફરી એકવાર 'માણસ' બનવાનો સંકલ્પ કરીએ!

# દિલ્હીમાં વિરોધ પ્રદર્શન પર ખાખીનો કડપો: લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર સીધો હુમલો, તાત્કાલિક રાજીનામાની કરી ઉગ્ર માગ!

નવી દિલ્હી / અમદાવાદ:

દેશની રાજધાની દિલ્હીની ધરતી પર વિદ્યાર્થીઓ અને યુવાનોના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા બેરહમ લાઠીચાર્જ બાદ દેશનું રાજકારણ ચરમસીમાએ પહોંચી ગયું છે. દિલ્હીમાં યોજાયેલી 'સંસદકૂચ' દરમિયાન વિરોધ કરી રહેલા નિષ્પાપ યુવાનો પર પોલીસે ચલાવેલા દંડાવાળીને લઈને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર સામે સીધો મોરચો માંડ્યો છે. દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓ પર થયેલા આ અત્યાચારને મુદ્દો બનાવી રાહુલ ગાંધીએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની ધાકડ માગ કરી છે.

### 'લોકોને આ રીતે મારવા એ ભારતીયતા નથી': રાહુલ ગાંધીનો આકરો પ્રહાર




બેરહમ લાઠીચાર્જ અને વિદ્યાર્થીઓની અટકાયત બાદ સંસદ ભવનથી લઈને શેરીઓ સુધી વિરોધનો વંટોળ ઊભો થયો છે. મીડિયા સામે આવીને આકરા પ્રહાર કરતા રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે:

'આ દેશના કરોડો વિદ્યાર્થીઓની સમસ્યાઓનો સવાલ છે. આ આપણા દેશના યુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો મામલો છે. પોતાના હક અને ભવિષ્ય માટે અવાજ ઉઠાવી રહેલા યુવાનો પર આ રીતે બળપ્રયોગ કરવો અને લોકોને નિર્દયતાથી મારવા તે કોઈ પણ કાળે ભારતીયપણું કે ભારતીય સંસ્કૃતિ નથી!'

રાહુલ ગાંધીએ દેશના ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આઘાતજનક સ્થિતિ માટે સીધા જવાબદાર ઠેરવતા કહ્યું કે, જે સરકાર પોતાના યુવાનોનો અવાજ સાંભળવાને બદલે તેમના પર લાઠીઓ વરસાવે છે, તેવી સરકારને સત્તા પર રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

### પેપર લીક અને યુવાનોના રોષથી દિલ્હીમાં ગરમાવો

ઉલ્લેખનીય છે કે, દેશભરમાં વ્યાપેલા પેપર લીક કાંડ, શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલા ભ્રષ્ટાચાર અને યુવાનોના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ સામે વિદ્યાર્થી સંગઠનો દ્વારા દિલ્હીમાં ભારે વિરોધ પ્રદર્શન અને સંસદ તરફ કૂચ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, પોલીસ તંત્રે સુરક્ષાના નામે આંદોલનકારી યુવાનો પર આકરું વલણ અપનાવી બેરહમીથી લાઠીચાર્જ કર્યો હતો અને અનેક વિદ્યાર્થીઓની અટકાયત કરી લીધી હતી.

### રાજકીય સંગ્રામ આક્રમક બન્યો: દિલ્હીથી ગુજરાત સુધી ગરમાવો

દિલ્હીની ઘટનાના પડઘા હવે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઘેરા બની રહ્યા છે. એક તરફ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન સામે વિપક્ષી નેતાઓ આક્રમક મોડમાં આવી ગયા છે, તો બીજી તરફ યુવા મોરચાઓએ પણ આરપારની લડાઈના એંધાણ આપી દીધા છે.

પોલીસના આ કડપ અને સિસ્ટમના અત્યાચાર સામે વિપક્ષના નેતાએ જ રાજીનામાની માગ કરી દેતાં કેન્દ્ર સરકાર માટે બેકફૂટ પર જવાની સ્થિતિ સર્જાઈ છે. 'પાક્કો ગુજરાત' આપને આપશે આ વિરોધ વંટોળની પળેપળની અપડેટ્સ!

# જો તમે જાગૃત નહીં રહો તો તમારા માલિકો અંગ્રેજો કરતા પણ વધુ બદતર સાબિત થશે: મહાત્મા ગાંધીનો એ અશુભ ભવિષ્યવાણી જેવો અવાજ આજે સાક્ષાત્કાર બનીને દેશ સામે ઊભો છે!

'આઝાદી માત્ર ગોરા સાહેબોને હાંકી કાઢવાથી નથી મળતી, આઝાદી ત્યારે જ જળવાય છે જ્યારે પ્રજા પોતાના હકો માટે સદા જાગૃત રહે...' રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ દાયકાઓ પહેલાં દેશવાસીઓને ચેતવતાં કહ્યું હતું કે, "જો તમે જાગૃત નહીં રહો તો તમારા આ દેશી માલિકો અંગ્રેજ માલિકો કરતા પણ વધારે બદતર સાબિત થશે."

આજે ૨૧મી સદીના ભારતમાં શાસકોનો અહંકાર, ભ્રષ્ટાચાર અને પ્રજા પર થતા દમન જોઈને બાપુના આ શબ્દો કોઈ સાક્ષાત્કાર કે કાળજા કાંપી જાય તેવી ભવિષ્યવાણી સમાન સાબિત થઈ રહ્યા છે!

ગોરા સાહેબો ગયા, પણ શાસકોની માનસિકતા ન બદલાઈ!

અંગ્રેજોના શાસનમાં પબ્લિકને 'ગુલામ' ગણવામાં આવતી હતી, અને આજે લોકશાહીના નામે ચૂંટાઈને આવેલા નેતાઓ અને અફસરો પ્રજાને 'ચરણપાદુકા' સમજે છે.

શિક્ષણ ક્ષેત્રે ફાટી નીકળેલું પેપર લીકનું કૌભાંડ હોય, ગરીબ પશુપાલકોની કમાણીનું કરોડોનું ફુલેકું હોય કે પછી પોતાના હક માટે અવાજ ઉઠાવતા નિષ્પાપ વિદ્યાર્થીઓ અને યુવાનો પર થતો બેરહમ લાઠીચાર્જ–આ બધું જ એ વાતની જુબાની આપે છે કે સત્તાના નશામાં અંધ બનેલી સિસ્ટમ અંગ્રેજોના કાળા કાયદાઓ કરતાં પણ વધુ ઘાતકી બની ચૂકી છે.

મૌન રહેશો તો કચડાઈ જશો: જાગૃતિ એ જ એક માત્ર શસ્ત્ર

ગાંધીજી જાણીતા હતા કે સત્તા જ્યારે વિરાટ બને છે ત્યારે તે સદૈવ પ્રજાના અધિકારો છીનવવાનો પ્રયાસ કરે છે. બાપુએ ચેતવણી આપી હતી કે જો જનતા આંખ આડા કાન કરશે અને અસત્ય તથા અન્યાય સામે મૌન રહેશે, તો શાસકોની શક્તિઓ એટલી અનિયંત્રિત થઈ જશે કે તે બ્રિટીશ હુકૂમત કરતાં પણ વધુ ક્રૂર રૂપ ધારણ કરી લેશે.

આજે જ્યારે શાસકો વિરોધનો અવાજ દબાવવા માટે ખુલ્લેઆમ ખાખી વર્દી અને ગુંડા તત્વોનો ઉપયોગ કરી રહ્યા છે, ત્યારે પ્રજાનું મૌન આ દેશ માટે સૌથી મોટો ખતરો બની ગયું છે.

'પાક્કો ગુજરાત'નો લલકાર:

પ્રિય બાપુના આ શબ્દો માત્ર ભૂતકાળનું વાક્ય નથી, પરંતુ વર્તમાનમાં દેશના દરેક નાગરિક, યુવાન અને વાલી માટે એક ચેતવણીનો શંખનાદ છે. જો આપણે આજે પણ આપણા અધિકારો, શિક્ષણ અને ન્યાય માટે જાગૃત નહીં થઈએ, તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે.

સત્તાધીશો યાદ રાખે કે આ દેશ પ્રજાનો છે, કોઈ માલિકોનો નથી! હવે જાગવાનો અને આ નકલી શાસકોની આંખોમાં આંખ પરોવીને સવાલ પૂછવાનો સમય આવી ગયો છે!

# માઉન્ટ આબુમાં નશામાં ધૂત ગુજરાતી પ્રવાસીનો હાઈવોલ્ટેજ ડ્રામા: નશાની હાલતમાં રસ્તા પર મચાવ્યો ભારે ધમાલ-મસ્તી અને હંગામો

માઉન્ટ આબુ

રાજસ્થાનના પ્રખ્યાત હિલ સ્ટેશન અને ગુજરાતીઓના મનપસંદ પ્રવાસન સ્થળ એવા માઉન્ટ આબુ ખાતેથી એક શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. માઉન્ટ આબુના મુખ્ય માર્ગ પર નશામાં ધૂત એક ગુજરાતી પ્રવાસીએ આખી રાત ભારે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જ્યો હતો. દારૂના નશામાં ચૂર થઈને રસ્તા વચ્ચે પહોંચેલા આ શખ્સે જોરદાર હંગામો મચાવતાં સ્થાનિક રહીશો, અન્ય સૈલાણીઓ અને પોલીસ દોડતી થઈ ગઈ હતી.

દારૂના નશામાં ચૂર થઈને રસ્તા વચ્ચે ધમાલ: સૈલાણીઓ અને સ્થાનિકો હેરાન-પરેશાન

મળતી વિગતો અનુસાર, માઉન્ટ આબુના મુખ્ય બજાર અને પ્રવાસીઓથી ધમધમતા વિસ્તારમાં એક ગુજરાતી પ્રવાસી અતિશય દારૂનો નશો કરીને પહોંચ્યો હતો. નશાની હાલતમાં પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેઠેલા આ શખ્સે રસ્તાની વચ્ચે જ બૂમાબૂમ કરવાનું અને આવતા-જતા લોકોને રોકીને હંગામો કરવાનું શરૂ કરી દીધું હતું. પ્રવાસીના આ અણછાજતા વર્તન અને રસ્તા પરના હાઈવોલ્ટેજ ડ્રામાને કારણે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને પરિવાર સાથે ફરવા આવેલા અન્ય પ્રવાસીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ શખ્સે કલાકો સુધી રસ્તા વચ્ચે નાટક ચાલુ રાખતાં વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો અને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સ્થાનિકોએ વીડિયો બનાવ્યો: પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો

આ શરમજનક ઘટનાને પગલે આસપાસના સ્થાનિક વેપારીઓ અને લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા. કેટલાક લોકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલ કેમેરામાં કેપ્ચર કરી લીધો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. માઉન્ટ આબુ જેવા શાંત અને પ્રવાસી ધામમાં આ પ્રકારના નશાખોરોના વર્તનને કારણે ગુજરાતી પ્રવાસીઓની છબી ખરડાતી હોવાનો આક્રોશ સ્થાનિકોએ વ્યક્ત કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ માઉન્ટ આબુ પોલીસ મથકનો કાફલો ત્વરિત ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે નશામાં ધૂત શખ્સને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે પોલીસ સામે પણ બબાલ કરવા લાગ્યો હતો.

પોલીસે આખરે આ કાયદાનું ઉલ્લંઘન કરનાર અને જાહેર શાંતિનો ભંગ કરનાર પ્રવાસીની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશને ખસેડ્યો હતો. માઉન્ટ આબુ પોલીસ દ્વારા આ શખ્સ સામે નશાબંધી ભંગ તથા જાહેર સ્થળે હંગામો કરવા બદલ કાયદાકીય ગુનો નોંધી આગળની તપાસ અને મેડિકલ ચેકઅપ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## રસ્તાઓની બિસ્માર હાલત પર રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા ભડક્યા

# "સુરતની શરમજનક સ્થિતિ, પણ કોઈના પેટનું પાણી નથી હલતું!"

■ નાગરિકો, નોકરિયાતો અને હીરા ઉધોગ સાથે જોડાયેલા લોકો રોજ આ ખરાબ રસ્તાઓ પર હેરાન થઈ રહ્યા છે, છતાં મનપાના અધિકારીઓ ઘોર નિંદ્રામાં છે

સુરત

ડાયમંડ સિટી સુરતના કરોડો રૂપિયાના બજેટ અને 'સ્માર્ટ સિટી'ના બોર્ડ પાછળ છુપાયેલી વરવી વાસ્તવિકતાનો પર્દાફાશ થયો છે! ચોમાસાના સામાન્ય વરસાદમાં જ સુરતના રસ્તાઓની ધોવાઈ ગયેલી હાલત અને ખાડાઓથી ખદબદતી સ્થિતિ જોઈને શાસક પક્ષના જ રાજ્યસભા સાંસદ અને જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયાનો પારો આસમાને પહોંચ્યો છે. તેમણે સુરત મહાનગરપાલિકા (SMC) ના તંત્ર સામે ભારે આક્રોશ ઠાલવતા સુરતના બિસ્માર રસ્તાઓનો વીડિયો બનાવીને સીધો મેયર અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને મોકલી આપીને ઉધડો લીધો છે.

રસ્તા પર પડેલા મોટા-મોટા ખાડા અને પ્રજાને પડતી અસહ્ય તકલીફોથી રોષે ભરાયેલા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ SMC ના નિષ્ક્રિય અને હપ્તાખોર વહીવટ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે:

સુરત શહેરની આ હાલત અત્યંત શરમજનક છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહી રહ્યા છે, પણ તંત્ર કે અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી! નાગરિકો, નોકરિયાતો અને હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો રોજ આ ખરાબ રસ્તાઓ પર હેરાન થઈ રહ્યા છે, છતાં મનપાના અધિકારીઓ ઘોર નિંદ્રામાં છે.

ગોવિંદભાઈ ધોળકિયાએ પોતે ગાડીમાંથી બિસ્માર રસ્તાઓનો વીડિયો શૂટ કર્યો હતો અને સુરતના મેયર, મ્યુનિસિપલ કમિશનર તેમજ સિટી એન્જિનિયર સહિતના તમામ 'સુપર બોસ' અધિકારીઓને મોકલી આપી ત્વરિત કામગીરી કરવા ચીમકી આપી છે.

સુરતમાં ચોમાસા બાદ રસ્તાઓ બિસ્માર બનવા તે કોઈ નવી વાત નથી, પરંતુ આ વખતે ભાજપના જ પોતાના સાંસદે મનપા તંત્ર સામે મોરચો માંડતાં શાસક પક્ષ અને SMC ના અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સુરતના વરાછા, કતારગામ, સરથાણા અને ઉધના જેવા ધમધમતા વિસ્તારોમાં રસ્તાઓ પર ભૂવા અને ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું છે. અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે, છતાં પણ SMC ના અધિકારીઓ માત્ર 'પેચવર્ક'ના નામે કાગળ પર કામગીરી બતાવી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

'પાક્કો ગુજરાત'નો સીધો લલકાર:

જ્યારે પોતાના જ સાંસદને SMC ના ભ્રષ્ટ અને બેદરકાર વહીવટ સામે વીડિયો બનાવીને સત્તાધીશોને મોકલવો પડે, ત્યારે સામાન્ય નાગરિકની ફરિયાદની તો વિસાત જ શું રહે?

શું 'કાગળ પરના પેચવર્ક'થી સુરતના રસ્તાઓ સુધરશે કે પછી જવાબદાર ભ્રષ્ટ એન્જિનિયરો સામે સસ્પેન્શનની કુહાડી ચાલશે?

ટેક્સ ભરતી સુરતની જનતાને ખાડા મુક્ત રસ્તા ક્યારે મળશે?

સાંસદના આ આક્રોશ બાદ હવે SMC ના અધિકારીઓ જાગે છે કે પછી પોતાની એ જ જૂની અને નિષ્ક્રિય પેટર્ન પર ચાલ્યા કરશે, તેના પર આખા સુરતની નજર મંડાયેલી છે!



## ડભોઈ પંથકમાં મેઘરાજાની હાથતાળી

# સિઝનનો માત્ર 7થી 8 ઈંચ વરસાદ પડાતાં ધરતીપુત્રો આકુળ-વ્યાકુળ..

### મોંઘા બિયારણો બળી જવાની ભીતિ વચ્ચે નર્મદા કેનાલો પણ શોભાના ગાંઠિયા સમાન!

ડભોઈ

વડોદરા જિલ્લાના ડભોઈ શહેર સહિત સમગ્ર તાલુકામાં ચાલુ સાલે મેઘરાજા સતત ડંડુકો મારી રહ્યા હોવાથી સ્થાનિક ખેડૂત વર્ગ ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. આકાશમાં કાળાડિબાંગ વાદળોની ઘેરાબંધી તો થાય છે, પરંતુ એક ટીપુંય વરસ્યા વગર વાદળો ગાયબ થઈ જતાં ધરતીપુત્રો ચોધાર આંસુએ મેઘરાજાની વાટ જોઈ રહ્યા છે. આકાશ તરફ ટગર-ટગર જોઈ રહેલા જગતના તાતની સ્થિતિ અત્યંત દયાજનક બની ચૂકી છે. ચોમાસાના પ્રારંભિક એંધાણ જોઈને ડભોઈ તાલુકાના અનેક ગામોમાં ખેડૂતોએ દેવું કરીને કે વ્યાજે નાણાં લાવીને મોંઘા ભાવના બિયારણો ખરીદ્યા હતા અને ભારે આશા સાથે વાવણી કરી દીધી હતી. પરંતુ વાવણી કર્યા બાદ જ વરસાદી ખેંચ સર્જાતાં હવે આ મોંઘા દાટ બિયારણો જમીનમાં જ બળી જવાની કે સંપૂર્ણ નિષ્ફળ જવાની ઘાતક ભીતિ સેવાઈ રહી છે.



બીજી તરફ, વરસાદના કોઈ એંધાણ ન જણાતાં તાલુકાના કેટલાય ગામોના ખેતરો હજુ પણ વાવણી વગર કોરા ધાકોર અને ખાલીખમ જોવા મળી રહ્યા છે.

ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં ડભોઈ તાલુકામાં માત્ર ૭ થી ૮ ઈંચ જેટલો જ સાવ સામાન્ય વરસાદ નોંધાયો છે, જે કપાસ, ડાંગર કે અન્ય મુખ્ય પાકો માટે સાવ અપૂરતો છે.

કુદરતની માર વચ્ચે સિંચાઈ તંત્રની અણઘડ નીતિઓએ ખેડૂતોની કમર ભાંગી નાખી છે. નર્મદા કેનાલોમાં પાણીનું સ્તર અત્યંત ઓછું હોવાને કારણે છેવાડાના ખેતરો સુધી પૂરતું પાણી પહોંચી શકતું નથી. જે ખેડૂતો માત્ર ને માત્ર વરસાદી પાણી કે કેનાલ પર નિર્ભર છે, તેમની વાવણી અને ઊભો પાક પિયતના અભાવે સુકાઈ રહ્યો છે.

પોતાની આંખો સામે પાક સુકાતો જોઈને આકુલ-વ્યાકુલ થયેલો ડભોઈનો સમગ્ર ખેડૂત સમાજ હવે ઈશ્વરના શરણે પહોંચ્યો છે.

# બોટાદ 181 અભયમ અને OSC સેન્ટરની સંયુક્ત પ્રસંશનીય કામગીરી

બોટાદ, વિપુલ લુહાર

બોટાદમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈન અને OSC સેન્ટરની સંયુક્ત કામગીરીથી એક 85 વર્ષીય માનસિક અસ્વસ્થ વૃદ્ધાનું તેમના પરિવાર સાથે સુરક્ષિત પુનઃમિલન કરાવવામાં આવ્યું છે. આ સફળતા સમયસૂચકતા અને સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગથી મળી છે.એક જાગૃત નાગરિકે 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કરીને જાણ કરી હતી કે રાણપુર તાલુકાના એક ગામમાં આશરે 85 વર્ષના એક અજાણ્યા વૃદ્ધા એકલા બેઠેલા હતા. તેમને ક્યાં જવું છે તે પૂછતા કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો. રાત્રિનો સમય હોવાથી અને વૃદ્ધા મહિલા હોવાથી તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપીને નાગરિકે 181ની મદદ લીધી હતી.આ અંગેની જાણ થતા જ બોટાદ કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી. ફરજ પરના કાઉન્સેલર પટેલ ખુશબુબેન, મહિલા કોન્સ્ટેબલ મકવાણા વંદનાબેન અને પાયલોટ નરેન્દ્રભાઈ સત્વરે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. 181ની ટીમે વૃદ્ધા સાથે શાંતિથી અને સ્નેહપૂર્વક વાતચીત કરીને નામ, સરનામું તથા પરિવાર વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો.વૃદ્ધા પોતાના નામ સિવાય કોઈ માહિતી આપી શક્યા ન હતા. જોકે, તેમને એટલું યાદ હતું કે તેઓ બોટાદ જિલ્લાના સાકરડી ગામે માતાજીના મંદિરે દર્શન કરવા આવ્યા હતા.

## છોટાઉદેપુર મંગળ બજારમાં દબાણોનો સફાયો કરવામાં આવ્યો

# દોઢ મીટર 7 દુકાનોમાં બહાર નીકળી ગયેલા દબાણ ઉપર પાલિકા તંત્રનુ બુલડોઝર





છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર મંગળ બજાર જે ખૂબ જ પ્રખ્યાત જગ્યા છે અને ગામના મોટાભાગના વેપારીઓ દુકાનો કરી પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે સદર જગ્યા પર દબાણો અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદાર દ્વારા અરજી કરવામાં આવી હતી જે દબાણો દૂર કરવા માટે સૂચન થયા હતા જે અંગે આજરોજ નગરપાલિકા તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી આ દબાણો દૂર કરી દેવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર નગરમાં આવેલ મંગળ બજારમાં 7 દુકાનો જેમાં દોઢ મીટર જેટલા ઓટલાના દબાણો બહાર હોય જે દબાણ અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરવામાં આવી હતી જે અરજીના અનુસંધાને સૂચનો મળતા નગરપાલિકા દ્વારા ત્રણ નોટિસ વેપારીઓ દુકાનદારોને આપવામાં આવી હતી અને ત્રણ નોટિસ બજાવ્યા પછી આજરોજ આ દુકાનોની બહારના દબાણો નગરપાલિકા દ્વારા દૂર કરી દેવામાં આવ્યા છે. જ્યારે રહી ગયેલા દબાણો તોડતા દુકાનોને નુકસાન થાય તેમ હોય જેના કારણે વેપારીઓએ લેખિતમાં નગરપાલિકા ને આપ્યું છે કે રહી ગયેલા દબાણો અમે સ્વૈચ્છિક રીતના હટાવી દઈશું તેમ નગર પાલિકા ઓફિસર ભાવિનભાઈ બરજોડે જણાવ્યું હતું

## 2,500 લાભાર્થીઓ અટવાયા

# નસવાડીમાં જી-સફલ યોજના અચાનક બંધ! 36થી વધુ કર્મચારીઓ બેરોજગાર..!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં સરકારની જી-સફલ યોજના અચાનક બંધ કરી દેવાતા 36થી વધુ કર્મચારીઓ એક જ ઝાટકે બેરોજગાર બન્યા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. માત્ર 17 મહિના કામગીરી કર્યા બાદ પાંચ વર્ષના પ્રોજેક્ટને બંધ કરી દેવામાં આવતા અંદાજે 2,500 જેટલા લાભાર્થીઓને યોજનાનો લાભ મળ્યો નથી. રોજગારી ગુમાવનારા કર્મચારીઓએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય નિર્ણય લેવા માંગ કરી છે. છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં જી-સફલ યોજના હેઠળ કાર્યરત કર્મચારીઓ ગામે-ગામ જઈ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોનો સર્વે કરી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટેની દરખાસ્તો તૈયાર કરતા હતા. ત્યારબાદ તમામ અરજીઓ તાલુકા પંચાયતની મિશન મંગલમ શાખામાં જમા કરાવવામાં આવતી હતી. કર્મચારીઓના જણાવ્યા મુજબ આ યોજના પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી. પરંતુ માત્ર 17 મહિના કામગીરી કર્યા બાદ કોઈ પૂર્વ સૂચના વિના યોજના બંધ કરી દેવામાં આવી. જેના કારણે એકસાથે 36થી 38 જેટલા કર્મચારીઓ બેરોજગાર બન્યા છે. બીજી તરફ યોજનામાં અરજી કરનાર અંદાજે 2,500 જેટલા લાભાર્થીઓને હજુ સુધી લાભ મળ્યો નથી. યોજના બંધ થયા બાદ લાભની આશા રાખનારા લોકો આજે પણ કર્મચારીઓનો સંપર્ક કરી યોજનાની માહિતી અને લાભ અંગે પૂછપરછ કરી રહ્યા છે. પરંતુ યોજના જ બંધ થઈ જતાં કર્મચારીઓ પાસે પણ કોઈ જવાબ નથી. પરિણામે કર્મચારીઓ અને લાભાર્થીઓ બંને મુશ્કેલીમાં મુકાયા છે. આ સમગ્ર મામલે કર્મચારીઓએ નસવાડી તાલુકા વિકાસ અધિકારીને લેખિત આવેદનપત્ર આપી યોજના બંધ કરવા પાછળનું કારણ જાહેર કરવા તેમજ કર્મચારીઓને ફરી રોજગારી આપવાની માંગ કરી છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે અધિકારીઓ પાસે પણ કોઈ સ્પષ્ટ જવાબ નથી.

## જાતિના દાખલા માટે 15 દિવસથી ધક્કા, જવાબદાર કોણ?

# છોટાઉદેપુરમાં તલાટીઓની હડતાળનો માર સીધો ગરીબ આદિવાસી જનતા પર!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓએ લાંબા સમયથી પડતર રહેલા જોબ ચાર્ટ, વધારાની કામગીરી અને અન્ય પ્રશ્નોને લઈને મહેસૂલી કામગીરી બંધ રાખી સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે. જિલ્લા અને રાજ્ય તલાટી મંડળના આહ્વાન હેઠળ તલાટીઓએ કલેક્ટર, TDO અને મામલતદારને આવેદનપત્ર આપી પોતાની માંગણીઓના તાત્કાલિક ઉકેલની માંગ કરી છે. પરંતુ હજુ



સુધી તેઓની માંગણીઓ સ્વીકારવામાં આવી નથી અને તેનો ભોગ ગરીબ આદિવાસી પ્રજા બની રહી છે તલાટી મંડળની માંગ તેમની જગ્યાએ બરાબર છે પરંતુ આ વિરોધનો સૌથી મોટો ભોગ સામાન્ય અને ગરીબ આદિવાસી પરિવારો બની રહ્યા છે. હાલ શૈક્ષણિક સત્ર શરૂ થવાનું હોય ખાસ કરીને શાળા-કોલેજમાં પ્રવેશ માટે જરૂરી જાતિના દાખલા મેળવવા લોકો છેલ્લા 8થી 15 દિવસથી સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે.

ગામલોકોના જણાવ્યા મુજબ તેઓ મામલતદાર કચેરીએ જાય તો જવાબ મળે છે કે 'રેવન્યુ તલાટી પાસે જાઓ.' જ્યારે તલાટીનો સંપર્ક કરતાં તેઓ કહે છે કે 'અમને હજુ સુધી કોઈ હુકમ મળ્યો નથી, તમે મામલતદાર કચેરીમાં જાઓ.' આ રીતે અરજદારોને એક કચેરીમાંથી બીજી કચેરીમાં ધકેલવામાં આવી રહ્યા છે.

મીઠીબોર ગામ જેવા અંતરિયાળ વિસ્તારના લોકોને છોટાઉદેપુર આવવા માટે અંદાજે 55 કિલોમીટરનું અંતર કાપવું પડે છે. એક દિવસના આવાગમન અને ભોજન પાછળ અંદાજે 200થી 300નો ખર્ચ થાય છે. છતાં છેલ્લા 15 દિવસથી તેમને માત્ર ધક્કા જ ખાવા પડી રહ્યા છે.

# લાખોના રિલાયન્સ ફુવારામાં શ્વાન ફસાયું : રેલીંગના અભાવે અબોલ જીવને ઈજા, પાલિકાના કામને પણ નુકસાન

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને સૌંદર્યી કરણના વિવિધ કામો કરવામાં આવી રહ્યા છે, પરંતુ કેટલીક જગ્યાએ વહીવટી બેદરકારીના કારણે અબોલ જીવો માટે જોખમી પરિસ્થિતિ સર્જાઈ રહી હોવાનું સામે આવી રહ્યું છે. આવી જ એક ઘટના પોરબંદર એસ.ટી. ડેપો નજીક આવેલા રિલાયન્સ ફુવારામાં બની છે, જ્યાં રેલીંગ કે સુરક્ષાત્મક આડશના અભાવે એક શ્વાન ફુવારામાં ખાબકતા તેને ઈજા પહોંચી હતી અને ફુવારાની અંદરની સુવિધાઓને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, પોરબંદર મહાનગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે રિલાયન્સ ફુવારાના નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે ફુવારા ફરતે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ન કરવામાં આવતા અચાનક એક શ્વાન ફુવારામાં પડી ગયું હતું. બહાર નીકળવા માટે શ્વાને ભારે પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા ન મળતાં તેણે અંદર પાથરાયેલી પાઈપ લાઈન અને ઈલેક્ટ્રિક વાયરિંગનો સહારો લીધો હતો. આ દરમિયાન વાયરિંગ અને પાઈપલાઈનને નુકસાન પહોંચ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, શ્વાન લાંબા સમય સુધી ફુવારામાં ફસાયેલું રહ્યું હતું અને બહાર નીકળવાના પ્રયાસોમાં તેના પગ તથા માથામાં ઈજાઓ પણ પહોંચી હતી. ઘટનાસ્થળે લોહીના ડાઘ જોવા મળ્યા હોવાનું પણ જણાવાયું છે. જોકે કેટલાક લોકોનું માનવું છે કે અબોલ જીવની પીડા કરતાં ફુવારાને થયેલા નુકસાન પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે.

## સાબરકાંઠા પોલીસનું ડ્રગ્સ ફ્રી અભિયાન

# 1311 કિલોથી વધુનો રૂ.1.71 કરોડનો નાર્કોટિક્સનો જથ્થો ભરૂચના દહેજમાં આહુતિ આપી સ્વાહા કરાયો!

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નશીલા પદાર્થો અને ડ્રગ્સ માફિયાઓ સામે આકરું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ મહાનિર્દેશક દ્વારા અપાયેલા કડક નિર્દેશોના પગલે, જિલ્લામાં વિવિધ દરોડા દરમિયાન પકડાયેલા કરોડો રૂપિયાના નાર્કોટિક્સના જથ્થાનો વિધિવત રીતે નાશ કરવામાં આવ્યો છે. સાબરકાંઠા એસઓજી (SOG) અને જિલ્લા પોલીસે જપ્ત કરેલા ૧૩૧૧ કિલોગ્રામથી વધુ વજન ધરાવતા અને રૂ. ૧.૭૧ કરોડની કિંમત ધરાવતા નશીલા પદાર્થોને ભરૂચ ખાતે બાળીને ખાખ કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસવડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ અને SOG પીઆઈ એ.એમ. વાળાના




જણાવ્યા અનુસાર, સાબરકાંઠા જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનો હેઠળ એનડીપીએસ (NDPS) એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરીને જપ્ત કરાયેલ મુદ્દામાલના નાશ માટે ઉચ્ચ સ્તરીય કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

ત્યારબાદ તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ આ તમામ નાર્કોટિક્સનો જથ્થો ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ભરૂચ જિલ્લાના દહેજ ખાતે આવેલી 'ઈનવાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની' ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યાં સ્થિત ખાસ ઈન્સિનરેટર પ્લાન્ટની ચાલુ ભઠ્ઠીમાં તમામ કાળો કારોબાર સળગાવીને સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન જવાબદાર ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કમિટીના સભ્યો સ્થળ પર હાજર રહ્યા હતા. સાબરકાંઠા પોલીસની આ સફળ અને સરાહનીય કામગીરીથી અસામાજિક તત્વો અને ડ્રગ્સના કાળા કારોબારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. 'પાક્કો ગુજરાત' પોલીસ તંત્રની આ આકરી કાર્યવાહીને બિરદાવે છે અને આશા રાખે છે કે આ જ રીતે યુવા ધનને બરબાદ કરતા નશાના કારોબારનું નામનિશાન મિટાવી દેવામાં આવશે.

# હરીપુરા ગામમાં કથિત દારૂ-જુગારના અડ્ડાઓ સામે ગ્રામજનોનો રોષ, નસવાડી પોલીસને લેખિત રજૂઆત

નસવાડી, પ્રતિનિધિ

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના હરીપુરા ગામમાં કથિત રીતે ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામના શિક્ષિત યુવાનો અને ગ્રામજનોએ કથિત જુગાર, આંકફરક, દેશી દારૂના અડ્ડા તેમજ વિદેશી શરાબના ગેરકાયદેસર વેચાણને તાત્કાલિક બંધ કરાવવા નસવાડી પોલીસ સ્ટેશને લેખિત અરજી આપી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આદિવાસી બહુલ વિસ્તારમાં મોટાભાગના લોકો ખેતી અને મજૂરી કરીને જીવન નિર્વાહ કરે છે, પરંતુ ગામમાં કથિત રીતે ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓના કારણે અનેક યુવાનો વ્યસન અને જુગાર તરફ ધકેલાઈ રહ્યા છે. દિવસભરની મહેનતથી કમાયેલા નાણાં આ પ્રવૃત્તિઓમાં વેડફાઈ જતા પરિવારો પર પણ આર્થિક અસર પડી રહી હોવાનું ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે. અરજી આપતા પહેલાં ગામના શિક્ષિત યુવાનો અને ગ્રામજનોએ કથિત દારૂના અડ્ડાઓ પર જઈ સંચાલકોને આવી પ્રવૃત્તિઓ બંધ કરવાની ચેતવણી આપી હતી. ત્યારબાદ તેઓ નસવાડી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તાત્કાલિક અસરકારક કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેઓ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરશે.



### તેલુગુ અને તમિલ સિનેમાથી અભિનેત્રીને સ્ટારડમ મળ્યું હતું

# સાઉથમાં હવે એક્ટ્રેસના બેલીબટનનું ઝનૂન નથી રહ્યું: કાજલ અગ્રવાલ


મુંબઈ

સાઉથની ફિલ્મોની સક્સેસફૂલ એક્ટ્રેસ કાજલ અગ્રવાલે સાઉથની ફિલ્મોમાં એક્ટ્રેસના દેહદર્શન અને ખાસ કરીને બેલીબટન (દુંટી)ને લઈને જે ઝનૂનિયત છે એના પર પોતાની વાત કહી છે. કાજલ એવી એક્ટ્રેસમાંથી આવે છે જેના રૂટ નોર્થ ઈન્ડિયામાં છે પણ કર્મભૂમિ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છે.મુંબઈમાં જન્મ લઈને કાજલે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી ફિલ્મ લાઈનમાં એન્ટ્રી કરી છે. તેલુગુ અને તમિલ સિનેમાથી એને સ્ટારડમ મળ્યું હતું. શા માટે હું બોલિવૂડમાં આવું? એક ખાસ મુલાકાતમાં કાજલ અગ્રવાલે જણાવ્યું હતું કે,કરિયરના આ લેવલ પર ફિલ્મોની પસંદગી કરવામાં હું ઘણો વિચાર કરીને નિર્ણય કરૂ છું. સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટ્રેસ તરફ જોવાના દ્રષ્ટિકોણ પર તેણે દિલ ખોલીને વાત કરી હતી. વર્ષ 2004માં આવેલી ફિલ્મ 'ક્યૂં! હો ગયા ના' ફિલ્મથી અભિનયની શરૂઆત કરનાર અને 2007માં આવેલી ફિલ્મ 'લક્ષ્મી કલ્યાણમ' ફિલ્મથી ટોલીવુડમાં પ્રવેશ કરનાર કાજલ અગ્રવાલ હવે હિન્દી સિનેમામાં પરત ફરી રહી છે. વર્ષ 2016માં રણદીપ હુડા સાથેની તેની ફિલ્મ 'દો લફ્ઝોં કી કહાની' ખૂબ જ લોકપ્રિય થઈ હતી. તે હવે 'ધ ઈન્ડિયા સ્ટોરી' પ્રોજેક્ટ પછી, નિતેશ તિવારીની 'રામાયણમ' ફિલ્મમાં મંદોદરીની ભૂમિકા ભજવતી જોવા મળશે.દિલ ખોલીને વાત કરતા કાજલે કહ્યું હતું કે, સાઉથમાં જે કામ મળી રહ્યું હતું એની ક્વોલિટી, એવી ક્લોલિટી બોલિવૂડની ફિલ્મમાં મળતી ન હતી. મને જે રોલ જોઈતા હતા, મારી પ્રાયોરિટીમાં ક્વોન્ટીટી કરતા ક્વોલિટી વધારે હતી. સાઉથની ફિલ્મોમાં સારા એવા રોલ કરવા મળતા હતા તો હું શા માટે બોલિવૂડમાં રોલ માટે કામ કરૂ. ભાષા મારા માટે ક્યારેય પડકાર રૂપ બની જ નથી. મને ફિલ્મ મેકિંગની જે કળા છે એ ખૂબ ગમે છે. હા, આ કળાના પ્રેમમાં પડવા માટે મને સાત ફિલ્મો લાગી, પણ એકવાર મને થયું કે હું સંપૂર્ણપણે સમર્પિત થઈ ગઈ. ઈન્ડસ્ટ્રીમાં વસ્તુ બદલાઈ રહી છે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હવે ઘણી વસ્તુઓ બદલી રહી છે. હવે સાઉથની ફિલ્મોમાં એક્ટ્રેસના બેલીબટન દેખાડવાનું કોઈ ઝનૂન નથી. સાઉથ સિનેમા હવે બોલિવૂડની જેમ આઝાદ ખ્યાલ અને મેચ્યોરરોલ લખવાનું શીખી રહી છે. મેં મારી લિમીટ નક્કી કરી રાખી છે અને એ લિમીટથી આગળ મેં એવા કોઈ રોલ પ્લે નથી કર્યા. તમે મારા બેલીબટન પર ફ્રૂટ નહીં ફેંકી શકો.

**સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હવે ઘણી વસ્તુઓ બદલી રહી છે: કાજલ**

# 'ધ ઓડિસી' ફિલ્મનો ભારતમાં દબદબો

## ફિલ્મે ભારતમાં રૂપિયા 61.30 કરોડનું કલેક્શન અને રૂપિયા 73.19 કરોડનું ગ્રોસ કલેક્શન કરી લીધું




મુંબઈ

ભારતીય લોકો બોલિવુડ અને સાઉથની ફિલ્મો સાથે હોલિવુડની ફિલ્મોને પણ એટલી જ પસંદ કરે છે. ઘણી એવી હોલિવુડ ફિલ્મો છે, જેણે ભારતીય દર્શકોને મોટી સંખ્યામાં થિયેટર સુધી લાવ્યાં છે. અત્યારે બોક્સ ઓફિસ પર Christopher Nolanની ફિલ્મ 'ધ ઓડિસી' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મને ભારતીયોએ ખૂબ જ પસંદ કરી છે. બોક્સ ઓફિસ પર સારી એવી કમાણી કરી રહી છે, રિપોર્ટ્સ પ્રમાણે આ ફિલ્મે પહેલા જ દિવસે 17.40 કરોડની કમાણી સાથે ઓપનિંગ કર્યું હતું. Christopher Nolan ની ફિલ્મ 'ધ ઓડિસી' ભારતમાં 17 જુલાઈએ રિલીઝ થઈ હતી. પહેલા દિવસે આ ફિલ્મે 17.40 કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ 2026ની સૌથી વધારે ઓપનિંગ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. આ પહેલા 'ઓપેનહાઈમર'એ 14.50 કરોડની કમાણી સાથે ઓપનિંગ કર્યું હતું, તેનો રેકોર્ડ પણ 'ધ ઓડિસી'એ તોડી નાખ્યો છે. આ ફિલ્મના કલાકારોની વાત કરીએ તો, તેમાં મેટ ડેમન, ટોમ હોલેન્ડ, એન હેથવે, રોબર્ટ પેટિન્સન અને ઝેન્ડાયા જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં છે. પહેલા દિવસે રૂપિયા 17.40 કરોડની કમાણી કરી નોલાનની 'ધ ઓડિસી'ના ભારતીય બોક્સ ઓફિસ પર્ફોર્મન્સની વાત કરીએ તો, તે ખરેખર શાનદાર રહ્યું છે. ફિલ્મે તેના પહેલા દિવસે, 17 જુલાઈએ રૂપિયા 17.40 કરોડની શરૂઆત કરી હતી. બીજા દિવસે 18 જુલાઈએ આ ફિલ્મે રૂપિયા 22 કરોડની કમાણી કરી હતી, અને ત્રીજા દિવસે પણ તેણે અદ્ભુત કામ કર્યું છે. રવિવાર મેટ ડેમન અભિનીત આ ફિલ્મે રૂપિયા 21.90 કરોડની કમાણી કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા.

# ટ્વીટ બાદ અમિતાભ બચ્ચનની તબિયતને લઈને ચિંતા

## "દરેક વસ્તુ પર વિશ્વાસ ન કરો" એમ લખી અફવાઓ ફગાવી દીધી ઈમ્તિયાઝ અલીની તકથી સાહિબાએ અભિનયમાં કરિયર શરૂ કર્યું

લંડન

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. તાજેતરમાં તેમના સોશિયલ મીડિયા પોસ્ટ અને પર્સનલ બ્લોગમાં લખાયેલા ભાવુક વિચારો બાદ ચાહકોમાં તેમની તબિયતને લઈને ચિંતા વધી છે.

83 વર્ષીય અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં હોસ્પિટલ, સર્જરી અને ICUમાં વિતાવેલા સમય દરમિયાન વ્યક્તિ પર થતી શારીરિક અને માનસિક અસર વિશે લખ્યું છે. તેમણે જણાવ્યું કે હોસ્પિટલમાંથી ઘરે પરત ફરવાનો સમય જીવનના સૌથી મુશ્કેલ તબક્કાઓમાંથી એક હોય છે. તેમણે લખ્યું કે હોસ્પિટલમાં સર્જરી, ICUમાં સારવાર અને પછી ઘરે પરત ફરવું - આ સમય શારીરિક, માનસિક અને વ્યવહારિક રીતે ખૂબ જ કઠિન હોય છે.

કેટલાક લોકો હિંમત બતાવે છે, તો કેટલાક હાર માની લે છે, જે કોશિશ કરે છે તેઓ બહાદુર બને છે અને હંમેશા ચેમ્પિયન રહે છે, જે લોકો તેમ નથી કરતા અને સમજૂતી કરી લે છે તે જુની પ્રતિષ્ઠાના સહારે જીવે છે. આ પસંદગી દરેક વ્યક્તિએ જાતે કરવાની હોય છે. બંનેમાંથી કશું ખોટું નથી.

ખુશ રહો અને સ્વસ્થ રહો. આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા પર ચાહકોએ તેમની તબિયત અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઘણા લોકોએ પૂછ્યું કે શું બિગ બી હાલમાં હોસ્પિટલમાં દાખલ છે? હાલમાં અમિતાભ બચ્ચન અથવા તેમના પરિવાર તરફથી તેઓ હાલમાં હોસ્પિટલમાં દાખલ હોવાની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બ્લોગમાં તેમણે હોસ્પિટલ અને સર્જરીનો અનુભવ શેર કર્યો છે, પરંતુ તે વર્તમાન સ્થિતિ વિશેનું સત્તાવાર હેલ્થ અપડેટ નથી. ચાહકો સોશિયલ મીડિયા પર સતત તેમની સારી તબિયત માટે શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.





# રકુલપ્રિત સિંહનો સાડીમાં એક મસ્ત અંદાજ સામે આવ્યો

## પીળા કલરની સાડીમાં એનો બોલ્ડ લૂક જોવા મળ્યો છે. ગ્લેમરસ એક્ટ્રેસે સાડીમાં પણ એકથી એક બેસ્ટ પોઝ આપ્યા હતા

મુંબઈ

રણબીર કપૂરની ફિલ્મ રામાણયમાં શુર્પણખાનો રોલ પ્લે કરનાર રકુલપ્રિત સિંહનો સાડીમાં એક મસ્ત અંદાજ સામે આવ્યો છે. પીળા કલરની સાડીમાં એનો બોલ્ડ લૂક જોવા મળ્યો છે. ગ્લેમરસ એક્ટ્રેસે સાડીમાં પણ એકથી એક બેસ્ટ પોઝ આપ્યા હતા. આ રોયલ લૂકસથી ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. સિલ્કની સાડીમાં તેણે હેવી જ્વેલરીથી પોતાનો લૂક પૂરો કર્યો હતો. સોશિયલ મીડિયા પર આ લૂકના ફોટો જોરશોરથી વાયરલ થઈ રહ્યા છે. તા.18 જુલાઈના રોજ યોજાયેલી એક દિલ્હીની ઈવેન્ટમાં રકુલ અનોખા અંદાજમાં જોવા મળી હતી. 'રામાણય'માં રકુલ રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, સની દેઓલ અને રવિ દુબે સાથે સ્ક્રિન શૅર કરી રહી છે. દિલ્હીમાં યોજાયેલી એક ઈવેન્ટમાં રકુલે પહેરેલી પીળા રંગની સાડી પર ફેન્સની નજર ચોંટી ગઈ હતી. 'રામાયણ' ફિલ્મમાં તે રાવણની બહેનનો રોલ પ્લે કરી રહી છે. પોતાનો આ લૂક રકુલે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી શૅર કર્યો છે. સોશિયલ મીડિયા પર આ ફોટો જોરશોરથી વાયરલ થઈ રહ્યા છે. આ ફોટો પોસ્ટ કરતા જ એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યું હતું કે, એક એવી વસ્તુનો ભાગ બનવાનું સન્માન મળ્યું છે જે વસ્તુ જીવન અને સિનેમા કરતા પણ મોટી છે. આપણો ઈતિહાસ, આપણી વિરાસત, આપણી રામાયણ. આપણે દુનિયાની સામે ભારતને રીપ્રેઝન્ટ કરીએ છીએ. આ અહેસાસ ખરેખર શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી.આ એક મસ્ટર્ડ યલો સિલ્ક સાડી છે. જેને ટ્રેડિશનલ ચેક્સ પેટર્ન સાથે પૂર્ણ કરવામાં આવી છે. ગોલ્ડન ઝરી અને બોર્ડર સાથે સાડીમાં એનો અલગ અંદાજ દેખાઈ રહ્યો છે. આ સાડી સાથે તેણે એક હેવી જ્વેલરી પહેરી છે. સ્ટ્રેપલેસ બ્લાઉઝ, પરંપરાગત કુંદન ચોકર નેકલેસ, કમર પર પટ્ટો અને કાનની બુટ્ટીઓ પહેરેલી આ અભિનેત્રીએ આ એથનિક લુકને ન્યૂનતમ મેકઅપ, અડધી ખુલ્લી હેરસ્ટાઈલ અને વીંટી સાથે સોનેરી બંગડીઓ સાથે પૂરક બનાવ્યો છે.

# રાત્રે હોટેલના રૂમમાં એકલા આવો...': તારક મહેતા ફેમ એક્ટ્રેસ સાથે કાસ્ટિંગ કાઉચનો ચોંકાવનારો અનુભવ!

મુંબઈ

મનોરંજન જગતની ઝગમગાટ પાછળ એક કાળો ચહેરો પણ છુપાયેલો છે, જેને અવારનવાર 'કાસ્ટિંગ કાઉચ' તરીકે ઓળખવામાં આવે છે. ટીવી ઈન્ડસ્ટ્રીના સુપરહિટ કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં મહત્ત્વની ભૂમિકા ભજવી ચૂકેલી જાણીતી અભિનેત્રી સિમ્પલ કૌલે પોતાના કરિયરના શરૂઆતના દિવસોનો એક અત્યંત ચોંકાવનારો અને ડરામણો અનુભવ શેર કર્યો છે. સિમ્પલ કૌલે ખુલાસો કર્યો છે કે કેવી રીતે એક જાણીતા પ્રોડ્યુસરે તેને કામ આપવાના બહાને રૂમમાં એકલી બોલાવી હતી અને તેની સાથે ગેરવર્તણૂક કરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતના દિવસોનો ડરામણો કિસ્સો સિમ્પલ કૌલે એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના સંઘર્ષના દિવસોને યાદ કરતા જણાવ્યું કે, જ્યારે તે આ ગ્લેમર વર્લ્ડમાં નવી હતી અને કામની શોધમાં હતી, ત્યારે તેને એક ઓડિશન માટે બોલાવવામાં આવી હતી. ત્યાં હાજર એક પ્રભાવશાળી વ્યક્તિએ તેને લાલચ આપતા ડાયરેક્ટ રૂમની અંદર એકલી મળવા માટે કહ્યું હતું. સિમ્પલે જણાવ્યું, 'ત્યાં જે પ્રકારે વાતચીત થઈ રહી હતી અને જે રીતે મને જોવામાં આવી રહી હતી, તેનાથી હું ખૂબ જ અસહજ થઈ ગઈ હતી. મને તરત જ અહેસાસ થઈ ગયો હતો કે અહીં કંઈક ખોટું થઈ રહ્યું છે અને આ વ્યક્તિના ઈરાદા સારા નથી.' સિમ્પલના જણાવ્યા અનુસાર, તે સમયે ડરવાને બદલે તેણે હિંમતથી કામ લીધું હતું. સામેની વ્યક્તિના ખોટા ઈરાદાઓ ઓળખીને તેણે ત્યાંથી તરત જ નીકળી જવાનો નિર્ણય કર્યો હતો.



પાક્કો ગુજરાત

બુધવાર । 22 જુલાઈ 2026 । અમદાવાદ

### સિંધુએ લખ્યું- કેટલીય વાર ભાંગી પડી પણ એમણે મને સમજાવી, શટલરે 2 વર્ષ પછી ટુર્નામેન્ટ જીતી

# પીવી સિંધુએ પોતાના કમબેકની ક્રેડિટ વિરાટ કોહલીને આપી

મુંબઈ

2 વારની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ પોતાની શાનદાર કમબેકનો શ્રેય ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને આપ્યો છે. તેણે 2 દિવસ પહેલા શનિવારે જાપાન ઓપન સુપર-750નું ટાઈટલ જીત્યું હતું. સિંધુએ લગભગ 2 વર્ષ પછી કોઈ ટાઈટલ જીત્યું હતું. આ પહેલા તે કારકિર્દીના સૌથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી હતી. 31 વર્ષીય પીવી સિંધુએ એક સોશિયલ મીડિયા પોસ્ટથી પોતાના કમબેકમાં કોહલીની ભૂમિકાનો ખુલાસો કર્યો. તેણે જણાવ્યું કે કારકિર્દીના સૌથી મુશ્કેલ તબક્કામાં તેણે વિરાટ પાસેથી સલાહ લીધી હતી અને તેની એક શીખે તેની આખી વિચારસરણી બદલી નાખી. સિંધુએ લખ્યું- મેં સતત ઈજાઓ, ખરાબ પ્રદર્શન અને માનસિક દબાણ વચ્ચે વિરાટ કોહલીનો સંપર્ક કર્યો. કોહલીએ થોડી જ મિનિટોમાં જવાબ આપ્યો અને બીજા




દિવસે તેમને મળી. આ દરમિયાન તેના પતિ વેંકટ દત્તા સાઈ પણ હાજર હતા. સિંધુએ કહ્યું- 'ઈજા દરમિયાન ઘણી વાર આત્મવિશ્વાસ ડગમગ્યો, પરંતુ મેં મારા પરનો વિશ્વાસ ગુમાવ્યો નહીં. જાપાન ઓપનનું આ ટાઈટલ માત્ર એક ટ્રોફી નથી, પરંતુ એ વાતનો પુરાવો છે કે મારી સફર હજી પૂરી થઈ નથી.' સિંધુના કમબેકમાં કોનું શું યોગદાન? 1. કોહલી; ટ્રોફી પાછળ ભાગવાને બદલે રમતમાં ખુશી શોધવાની સલાહ આપી સિંધુએ કહ્યું કે તે મુલાકાતમાં થયેલી વાતચીત ખાનગી રહેશે, પરંતુ વિરાટની સૌથી મોટી શીખ હતી કે ટ્રોફી પાછળ ભાગવાને બદલે રમતમાં ફરીથી ખુશી શોધવી જોઈએ. તેમણે કહ્યું કે હવે તે સવારે 5:30 વાગ્યે પ્રેક્ટિસ માટે ટ્રોફી જીતવા નહીં, પરંતુ રમત પ્રત્યેના પોતાના જુસ્સાને કારણે ઉઠે છે. આ માનસિક બદલાવ સાથે સિંધુએ પોતાની રમતમાં ઘણા સુધારા કર્યા. તેણે લગભગ 3.5 કિલો વજન ઘટાડ્યું, નેટ ગેમને મજબૂત બનાવી, ડેટા આધારિત ટ્રેનિંગ અપનાવી અને ઈન્ડોનેશિયન કોચ ઈરવાંશાહ અને સ્ટ્રેન્થ ટ્રેનર વેન લોમ્બાર્ડ સાથે ફિટનેસ પર વિશેષ કામ કર્યું. 2. પતિ વેંકટ દત્તા; કમબેક માટે માનસિક રીતે તૈયાર કરી પગના લિગામેન્ટની ઈજા પછી ડોક્ટર દિનશો પરદીવાલાએ સિંધુને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી. ત્યારબાદ દત્તા સાઈ તેને અમેરિકાના એટલાન્ટા લઈ ગયા. જ્યાં પરિવાર વચ્ચે રહીને માનસિક રીતે સિંધુએ પોતાને ફરીથી તૈયાર કર્યા.

## ભારતીય ક્રિકેટ મેચોમાં લાગુ થશે 7 નવા નિયમો

મુંબઈ

મેરીલેબોન ક્રિકેટ ક્લબ (MCC) દ્વારા પ્રસ્તાવિત ક્રિકેટના નવા નિયમોને BCCI ભારતીય ઘરગથ્થુ ક્રિકેટમાં લાગુ કરવા જઈ રહ્યું છે. આ નવા નિયમો રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી, સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સહિતના બીજા ઘરગથ્થુ ટૂર્નામેન્ટ્સમાં લાગુ થશે. 1 દિવસની છેલ્લી ઓવર પૂરી કરવી ફરજિયાત નવા નિયમો મુજબ હવે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં દિવસની આખરી ઓવર પૂરી કરવી હવે જરૂરી રહેશે. એટલે કે જો દિવસની છેલ્લી ઓવરમાં જો વિકેટ પડી ગઈ તો રમત ત્યાં નહીં રોકાય. નવા બેટ્સમેને દિવસના આખરી બોલ સુધી રમવું જ પડશે. 2 વનડેમાં હેડ કોચની મેદાનમાં એન્ટ્રી વનડે મેચો દરમિયાન ડ્રિંક્સ બ્રેકમાં હેડ કોચને મેદાનમાં એન્ટ્રીની મંજૂરી રહેશે. 3 શોર્ટ રન પર કેપ્ટનનો નિર્ણય કોઈ ખેલાડીએ 'જાણબૂઝીને ઓછા રન લીધા' તો ફિલ્ડિંગ કેપ્ટન એ નિર્ણય કરી શકશે કે આગામી બોલનો સામનો કયો બેટ્સમેન કરશે. 4 ડેડ બોલનો નવો નિયમ બોલને ડેડ કરવાનો નિયમ પણ હવે બદલાઈ ગયો છે. હવે બોલને ડેડ માનવા માટે તેનું બોલર કે વિકેટકીપર પાસે હોવું જરૂરી નથી. જો બોલ કોઈ ફિલ્ડરના હાથમાં છે કે તે જમીન પર પડેલો છે તો તે ડેડ માનવામાં આવશે. 5 વાઈડ બોલ માટે નવી ગાઈડલાઈન્સ વનડે અને T20 મેચોમાં લેગ સાઈડ વાઈડ માટે ગાઈડલાઈન્સ જાહેર થશે. 6 ફિલ્ડરોનું બાઉન્ડ્રી અંદર રહેવું ફરજિયાત બોલ ફેંકવામાં આવે તે સમયે તમામ ફિલ્ડર બાઉન્ડ્રીની અંદર હોવા જરૂરી રહેશે. 7 વિકેટકીપરના ગ્લોઝ પર દંડ રદ રન-અપ દરમિયાન ગ્લોઝના આગળ રાખવા પર હવે વિકેટકીપર પર દંડ નહીં લગાવવામાં આવે.

### હાઇકોર્ટે આપ્યો તુરંત ધરપકડનો આદેશ

## IPL ક્રિકેટર સામે રેપ અને મારપીટનો ગંભીર આરોપ

નવી દિલ્હી

દિલ્હી કેપિટલ્સના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન અને બંગાળના ક્રિકેટર અભિષેક પોરેલ વિરુદ્ધ કલકત્તા હાઈકોર્ટે મોટો આદેશ આપ્યો છે. મેડિકલ વિદ્યાર્થીનીની ગંભીર ફરિયાદ પર નોંધાયેલા ગુનાહિત કેસમાં હાઈકોર્ટે અભિષેક પોરેલ અને અન્ય એક આરોપીની તુરંત ગિરફ્તાર કરવા આદેશ આપ્યો છે. 23 વર્ષીય પોરેલ પર રેપ, મારપીટ અને ગુનાહિત ધમકી આપવાના ગંભીર આરોપો લાગ્યા છે. લગ્નની ખોટી લાલચ અને ધમકીના આરોપ પીડિત મહિલા



અને તેની માતાએ હુગલી જિલ્લાના મોગરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, બંને વચ્ચે છેલ્લા 3 વર્ષથી પ્રેમ સંબંધ હતો. મહિલાનો આરોપ છે કે પોરેલે તેની સાથે લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા.

પરંતુ બાદમાં તેણે અંતર જાળવવાનું શરૂ કર્યું હતું અને લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. વિરોધ કરવા પર તેની સાથે મારપીટ કરવામાં આવી હતી અને મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. હાલ બેંગલુરુમાં રહેલા અભિષેક પોરેલે તમામ આરોપોને પાયાવિહોણા અને ઝૂઠા ગણાવીને ફગાવી દીધા છે. પોરેલે જણાવ્યું કે, 'હું હાલમાં સારું ક્રિકેટ રમી રહ્યો છું, તેથી જ મને બદનામ કરવા માટે આવી વાતો સામે લાવવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસ પૂર્ણ થયા બાદ જ હું આ અંગે વિસ્તૃત જવાબ આપીશ.

## ઈન્ડિયાના સિલેક્ટર્સ રોહિત-વિરાટને અડી પણ નહીં શકે: અશ્વિન

### ડ્રેસિંગ રૂમમાં કે ખેલાડીઓ વચ્ચે નિવૃત્તિ અંગે કોઈ વાતચીત થઈ નથી.

લંડન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી વન-ડે સીરિઝ બાદ ભારતીય ક્રિકેટ જગતમાં વરિષ્ઠ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃત્તિને લઈને સોશિયલ મીડિયા પર અફવાઓનું બજાર ગરમ છે. લોર્ડ્સ વન-ડે મેચ પહેલા અને પછી મીડિયામાં કેટલાક એવા દાવા કરવામાં આવી રહ્યા હતા કે આ દિગ્ગજો ટૂંક સમયમાં જ વન-ડે ફોર્મેટને અલવિદા કહી શકે છે. હવે આ તમામ અટકળો અને અફવાઓ પર ભારતીય ટીમના સ્ટાર ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને મોટો ખુલાસો કર્યો છે અને આ સમાચારો પાછળનું સત્ય સામે રાખ્યું છે. અશ્વિને અફવાઓ પર લગાવી બ્રેક આર. અશ્વિને પોતાના સત્તાવાર




પ્લેટફોર્મ પર આ વિષય અંગે ખુલીને વાત કરી છે. તેમણે રોહિત શર્મા અને વિરાટ કોહલીના સંન્યાસના સમાચારોને તદ્દન પાયાવિહોણા ગણાવ્યા છે. અશ્વિને સ્પષ્ટ કર્યું કે, 'જ્યારે પણ ટીમ કોઈ મોટી સીરિઝ હારે છે ત્યારે આ પ્રકારની વાતો સોશિયલ મીડિયા પર શરૂ થઈ જતી હોય છે. રોહિત અને વિરાટ બંને હાલમાં શાનદાર ફોર્મમાં છે અને ટીમ ઈન્ડિયાના સૌથી મજબૂત સ્તંભ છે. ડ્રેસિંગ રૂમમાં કે ખેલાડીઓ વચ્ચે તેમની નિવૃત્તિને લઈને દૂર-દૂર સુધી કોઈ જ વાતચીત થઈ નથી. આ બધી માત્ર મીડિયા દ્વારા ઊભી કરવામાં આવેલી અફવાઓ છે.' લોર્ડ્સ વન-ડે મેચમાં ભલે ભારતીય ટીમ 388 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા 27 રનથી મેચ હારી ગઈ હોય, પરંતુ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ પોતાની બેટિંગથી સાબિત કરી દીધું હતું કે તેમનામાં હજુ ઘણું ક્રિકેટ બાકી છે. રોહિત શર્માએ ટીકાકારોને જડબાતોડ જવાબ આપતા 110 બોલમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 138 રનની ઐતિહાસિક શતકીય ઈનિંગ રમી હતી. બીજી તરફ, વિરાટ કોહલીએ પણ ફોર્મ બતાવતા 60 બોલમાં 74 રનની આક્રમક ઈનિંગ રમીને બીજી વિકેટ માટે રોહિત સાથે 113 રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. અશ્વિન પહેલાં ભારતીય વન-ડે ટીમના કેપ્ટન શુભમન ગિલે પણ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોના સવાલોના જવાબ આપતા સાફ કર્યું હતું કે રોહિત ભાઈએ નિવૃત્તિ અંગે ટીમમાં કોઈ જ વાત કરી નથી. આ સાથે જ BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયા અને વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લા પણ સત્તાવાર નિવેદન આપી ચૂક્યા છે કે આ બંને આઇકોન ખેલાડીઓ બોર્ડની આગામી યોજનાઓનો મહત્ત્વનો હિસ્સો છે.



### સેબીની ચેતવણીની કોઈ અસર જોવા ન મળી

## ડિજિટલ ગોલ્ડમાં રોકાણકારોનું આકર્ષણ યથાવત

મુંબઈ

વર્તમાન ૨૦૨૬ના વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાં ડિજિટલ ગોલ્ડના વેચાણમાં વાર્ષિક ધોરણે ત્રણ ગણો નોંધપાત્ર વધારો થયો છે. અનિયંત્રિત એવી ડિજિટલ ગોલ્ડ માર્કેટ સામે સાવચેત રહેવા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની અવારનવાર ચેતવણી છતાં ડિજિટલ ગોલ્ડમાં રોકાણકારોનું આકર્ષણ વધતુ જાય છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ના ડેટા પ્રમાણે જાન્યુઆરીથી જૂનના ગાળામાં યુપીઆઈ મારફત ડિજિટલ ગોલ્ડનો વેચાણ આંક રૂપિયા ૧૭૬૩૦ કરોડ રહ્યો છે. ૯૦ ટકાથી વધુ ડિજિટલ ગોલ્ડની ખરીદી એનપીસીઆઈ દ્વારા કાર્યરત યુપીઆઈ મારફત




થાય છે. યુપીઆઈ દેશની એક સરળ ઓનલાઈન પેમેન્ટ વ્યવસ્થા છે. ૨૦૨૫ના સંપૂર્ણ વર્ષમાં ડિજિટલ ગોલ્ડનો વેચાણ આંક રૂપિયા ૧૪૫૫૦ કરોડ રહ્યો હતો જેની સરખામણીએ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાનો વેચાણ આંક ૨૧ ટકા વધુ હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. વર્તમાન વર્ષના પ્રારંભમાં રૂપિયા ૪૦૦૦ કરોડના વેચાણ બાદ ડિજિટલ ગોલ્ડના મન્થલી વેચાણમાં સતત ઘટાડો થયો હતો. જૂનમાં આ આંક ઘટી રૂપિયા ૨૫૦૦ કરોડ પર આવી ગયો હતો. ગયા વર્ષના નવેમ્બરમાં સેબીએ ડિજિટલ ગોલ્ડ અનિયંત્રિત છે તેવી ચેતવણી આપી હતી. આ ચેતવણી બાદ નવેમ્બરમાં વેચાણમાં ઘટાડો થયો હતો પરંતુ ડિસેમ્બર બાદ તેમાં ફરી વધારો શરૂ થયો હતો. ડિજિટલ ગોલ્ડનું વેચાણ મોટેભાગે પેમેન્ટ, ફોનપે, ગુગલ પે જેવી પેમેન્ટ એપ્સ મારફત થાય છે. કેટલાક ડિજિટલ નિષ્ણાતોએ પણ રોકાણકારોને ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે, ડિજિટલ ગોલ્ડનું વેચાણ કરતા પ્લેટફોર્મ્સ બંધ પડી જવાના કિસ્સામાં રોકાણકારો માટે તેમના નાણાં મેળવવાનું મુશકેલ બની જાય છે.

### આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો

## ચાંદી ₹3159 મોંઘી થઈને ₹2.22 લાખ પર: સોનું ₹1150 વધીને ₹1.43 લાખનું થયું

### કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે, સોના-ચાંદીના ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 21 જુલાઈએ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 3,159 રૂપિયા વધીને 2.23 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,150 રૂપિયા વધીને 1.43 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 10 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.43 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. તે જ સમયે, ચાંદીના ભાવમાં 7 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.23 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ.




ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પણ બનાવ્યો હતો. સોના-ચાંદીમાં એકસાથે રોકાણ કરવાનું ટાળો કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે, સોના-ચાંદીના અજય કેડિયાના મતે, વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે. અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીત મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

### ધાતુ ક્ષેત્રની કંપનીઓના મજબૂત પ્રદર્શનને કારણે નફા અને આવકમાં વૃદ્ધિ

## Q1 પરિણામો, કંપનીઓએ આવક અને નફામાં બે અંકમાં વૃદ્ધિ નોંધાવી

મુંબઈ

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના કંપનીઓના અત્યારસુધી જાહેર થયેલા પરિણામોમાં યુદ્ધ વચ્ચે પણ દેશની કંપનીઓની કામગીરી પ્રોત્સાહક રહી હોવાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત પરિણામો પર નજર નાખતા જણાય છે કે કંપનીઓએ એડજસ્ટેડ નેટ પ્રોફિટ તથા રેવેન્યુમાં દ્વીઅંકી વૃદ્ધિ હાંસલ કરી છે. બેન્ક, આઈટી, મેટલ્સ તથા માઈનિંગ ક્ષેત્રની કામગીરી સારી રહી હોવાનું જણાય છે. ૧૫૫ કંપનીઓના પરિણામોમાં આ કંપનીઓનો સંયુકત નેટ પ્રોફિટ જૂન ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે ૧૯.૪૦ ટકા વધ્યો છે જે છેલ્લા ૧૧ ત્રિમાસિકમાં સૌથી વધુ છે. ગયા નાણાં




વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં એડજસ્ટેડ નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધારો જોવા મળ્યો હતો. ગત નાણાં વર્ષના માર્ચ ત્રિમાસિકમાં આંક ૬.૮૦ ટકા રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં સદર કંપનીઓનો સંયુકત એડજસ્ટેડ નેટ પ્રોફિટ વધી રૂપિયા ૧.૩૦ ટ્રિલિયન રહ્યો છે. જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂપિયા ૧.૦૯ ટ્રિલિયન અને ગત નાણાં વર્ષના માર્ચ ત્રિમાસિકમાં રૂપિયા ૧.૨૧ ટ્રિલિયન રહ્યો હતો. સંયુકત નેટ વેચાણ પણ વાર્ષિક ધોરણે ૧૭.૬૦ ટકા વધી ૧૪ ત્રિમાસિક ગાળાનું સૌથી મજબૂત રહ્યું છે. કેટલીક બેન્કો તથા ફાઈનાન્સ કંપનીઓએ મજબૂત આંકડા પ્રસ્તુત કર્યા છે જેને પરિણામે એકંદર નેટ પ્રોફિટમાં પ્રોત્સાહક વધારો થયો છે. પ્રારંભમાં પ્રોત્સાહક પરિણામોને જોતા પરિણામની મોસમના અંતે નિફ્ટી૫૦ કંપનીના એકંદર નેટ પ્રોફિટમાં દ્વીઅંકી વધારો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. કંપનીઓ ખાસ કરીને ફાઈનાન્સિઅલ, કેપિટલ ગુડસ તથા મેટલ્સની કામગીરી સુંદર જણાઈ રહી છે.

## સેન્સેક્સ 238 પોઈન્ટ ઘટીને 77470 પર બંધ

- **નિફ્ટી 50 પોઈન્ટ નીચે 24188 પર આવ્યો, સરકારી બેંક અને IT શેરોમાં વેચવાલી**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે 21 જુલાઈના રોજ 238 અંક નીચે 77,470 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 51 અંકનો ઘટાડો રહ્યો, તે 24,188ના સ્તર પર આવી ગયો. સરકારી બેંક અને IT શેરોમાં આજે વધુ વેચવાલી જોવા મળી.

SBI ફંડ્સ મેનેજમેન્ટનો શેર 7% ઉપર લિસ્ટ થયો SBI ફંડ્સ મેનેજમેન્ટનો શેર 574 રૂપિયાના IPO ભાવથી 6.85%ની તેજી સાથે લિસ્ટ થયો.




NSE પર SBI ફંડ્સ મેનેજમેન્ટનો શેર 613.30 રૂપિયા પર ખુલ્યો. જ્યારે BSE પર તે 610 રૂપિયા એટલે કે 6.27% ઉપર લિસ્ટ થયો. આ પહેલા શેરબજારમાં ગઈકાલે એટલે કે 20 જુલાઈએ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 443 પોઈન્ટના ઘટાડા સાથે 77,709 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 96 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 24,239 પર આવી ગયો હતો.

# શહેરમાં બે ગેરકાયદે ગોડાઉનમાંથી કરોડોના ફટાકડા જપ્ત

## 39.57 કરોડનો ફટાકડાનો વિપુલ જથ્થો જપ્ત, ગોડાઉન મેનેજર અને લાયસન્સ ધારકની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને ચાંગોદર પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી અને સફળ કાર્યવાહી હાથ ધરીને ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવેલો રૂ. 39.57 કરોડથી વધુની કિંમતનો ફટાકડાનો વિશાળ જથ્થો જપ્ત કર્યો છે. મોડાસર ગામ ચાર રસ્તાથી અમાથાપુર જવાના માર્ગ પર આવેલી 'અંબિકા ટ્રેડ લિંક'ના ગોડાઉનો પર દરોડો પાડીને પોલીસે આ કાયદાકીય કાર્યવાહી કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, ચાંગોદર પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, મોડાસર-અમાથાપુરા રોડ પર અંબિકા ટ્રેડ લિંક નામના ગોડાઉનમાં મોટા પ્રમાણમાં ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાં સામસામે આવેલા બે વિશાળ ગોડાઉનો અને બહારના શેડમાંથી 65,954 જેટલા ફટાકડાના કાર્ટન (પેટીઓ) મળી આવ્યા હતા.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, નિયમો અને મંજૂર થયેલી મર્યાદા કરતા પણ વધુ પ્રમાણમાં ફટાકડાનો સ્ટોક રાખવામાં આવ્યો હતો તેમજ સુરક્ષાના પૂરતા



નિયમોનો ભંગ થયો હતો. માનવજિંદગી અને આસપાસના વિસ્તારની સલામતી જોખમમાં મૂકવા બદલ ચાંગોદર પોલીસે તાત્કાલિક અસરથી ગુનો દાખલ કર્યો છે.

આ મામલે પોલીસે ગોડાઉનના મેનેજર કિશન પટેલ (રહે. દહેગામડા, બાવળા) અને બિઝનેસના પરવાના ધરાવનાર અમિત મોદી (રહે. સેટેલાઇટ, અમદાવાદ) સામે ગુનો નોંધીને બંનેની ધરપકડ કરી લીધી છે.

### વસ્ત્રાલ બ્લાસ્ટમાં 10 નિર્દોષોના ભોગ લીધા બાદ પણ હપ્તાખોર તંત્રનો સગવડિયા અંધાપો!

## અમદાવાદ પોલીસને દારૂના અડ્ડા ક્યાં ચાલે છે તેની ખબર છે, પણ ફટાકડાના મોતનો સામાન ક્યાં બને છે તેની ખબર નથી!

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાલ-રામોલ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટમાં ૧૦-૧૦ શ્રમિકોના કરૂણ મોત બાદ આખું શહેર હચમચી ગયું છે. પરંતુ આ ઘાતક દુર્ઘટનાએ અમદાવાદ પોલીસ અને કાયદાપાલન તંત્રની પોલ છતી કરી દીધી છે. શહેરીજનો ખુલ્લેઆમ સવાલ પૂછી રહ્યા છે કે, અમદાવાદ પોલીસને શહેરના ખૂણે-ખૂણે ચાલતા દારૂના અડ્ડા, જુગારના ધામો અને કટકીના ઠેકાણાઓની પળેપળની ખબર હોય છે, તો પછી રહેણાંક વિસ્તારોની વચ્ચે ધમધમતી અને 'મોતનો સામાન' બનાવતી ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીઓ કેમ દેખાતી નથી?

અમદાવાદમાં કોઈ સામાન્ય નાગરિક પોતાના ઘરનું નાનું સમારકામ પણ કરાવે તો બીટના જમાદારથી લઈને ઉચ્ચ અફસરો સુધી તુરંત બાતમી પહોંચી જાય છે. દારૂના બૂટલેગરો પાસેથી ક્યાં અને ક્યારે હપ્તો લેવો તેનો પાકો હિસાબ રાખતી પોલીસને આટલી મોટી ગેરકાયદે ફેક્ટરીઓ દેખાતી નથી!

પોલીસ અને ખાખી વર્દીના આશીર્વાદ વગર આટલો મોટો વિસ્ફોટક જથ્થો શહેરમાં લાવવો અને બનાવવો શક્ય જ નથી.

શું હપ્તાખોરીના સગવડિયા અંધાપામાં પોલીસ અને સ્થાનિક તંત્રએ ૧૦ લોકોના જીવન હોમી દીધા?

જ્યારે દુર્ઘટના બને ત્યારે જ કેમ તપાસના નાટકો અને સીલ મારવાની ડ્રામાબાજી કરવામાં આવે છે?

## કારખાનાઓમાં શ્રમિકોના મોતમાં ગુજરાત દેશમાં નંબર-1

### અમદાવાદ વસ્ત્રાલ બ્લાસ્ટ બાદ્ કોંગ્રેસના ડૉ. હિરેન બેન્કરનો ભાજપ સરકાર પર આકરો પ્રહાર, કહ્યું- "શ્રમિકોના ભોગે ઊભું થયેલું વિકાસ મોડલ સ્વીકાર્ય નથી!"

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે ભાજપ સરકારની ઔદ્યોગિક સુરક્ષા નીતિ અને 'વિકાસ મોડલ'ની આકરી ટીકા કરતાં સનસનાટીભર્યા આંકડા જાહેર કર્યા છે. સંસદમાં રજૂ કરાયેલા ડેટાના આધારે તેમણે આક્ષેપ કર્યો છે કે છેલ્લા પાંચ વર્ષમાં કારખાનાના કામદારોના મોતના મામલે ગુજરાત આખા દેશમાં પ્રથમ ક્રમે છે.

### સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને DyMCની ઉપસ્થિતિમાં કાઉન્સિલરો સાથે યોજાઈ સમીક્ષા બેઠક

## ઉત્તર ઝોન અને નરોડા વિધાનસભાના સ્થાનિક પ્રશ્નો ઉકેલવા AMC હરકતમાં!!



**અમદાવાદ શહેરના વિકાસકામો અને પ્રજાકીય પ્રશ્નોના નિકાલ માટે AMC ના પદાધિકારીઓ અને અધિકારીઓની આવી વોર્ડ-સ્તરીય સમીક્ષા બેઠકો સરાહનીય છે**

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ઉત્તર ઝોન હેઠળ આવતી નરોડા વિધાનસભાના વિવિધ વોર્ડના પડતર પ્રશ્નો અને લોકસમસ્યાઓના ત્વરિત નિકાલ માટે તંત્ર દ્વારા મહત્ત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. AMC ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલની અધ્યક્ષતામાં અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (DyMC) ની ખાસ ઉપસ્થિતિમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નરોડા વિધાનસભા ક્ષેત્રમાં આવતા કુબેરનગર, સરદારનગર અને નરોડા વોર્ડના સ્થાનિક કાઉન્સિલરો (કોર્પોરેટરો) ખાસ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ત્રણેય વોર્ડના કાઉન્સિલરોએ પોતપોતાના વિસ્તારના રોડ-રસ્તા, પીવાના ચોખ્ખા પાણી, ગટર લાઈનની ડ્રેનેજ સમસ્યા, સ્ટ્રીટ લાઈટ તેમજ સફાઈ કામગીરીને લગતા વિવિધ પડતર પ્રશ્નો ચેરમેન કમલેશ પટેલ અને DyMC સમક્ષ રજૂ કર્યા હતા. રોડ-રસ્તા અને ગટર: ચોમાસા કે સામાન્ય દિવસોમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા અને બ્રેકડાઉન લાઈનોના ઝડપી રિપેરિંગ અંગે ચર્ચા કરાઈ. જાહેર સુવિધાઓ: પબ્લિક પાર્ક, સ્ટ્રીટ લાઈટ અને સફાઈ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા સૂચનાઓ આપવામાં આવી.

સંકલન: સ્થાનિક પ્રજાતિના પ્રતિનિધિઓ (કાઉન્સિલરો) અને મનપાના અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલન જળવાય જેથી નાગરિકોની ફરિયાદોનો સમયસર ઉકેલ આવી શકે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલે કાઉન્સિલરો દ્વારા રજૂ કરાયેલી રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને DyMC સહિત ઉત્તર ઝોનના તકનીકી અધિકારીઓને તમામ પડતર કામો પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવા આદેશ આપ્યા હતા. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે નાગરિકોની સુવિધામાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે.

'પાક્કો ગુજરાત'નો સમીક્ષા આંક:

અમદાવાદ શહેરના વિકાસકામો અને પ્રજાકીય પ્રશ્નોના નિકાલ માટે AMC ના પદાધિકારીઓ અને અધિકારીઓની આવી વોર્ડ-સ્તરીય સમીક્ષા બેઠકો સરાહનીય છે. જોકે, બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને આદેશોનો અમલ કાગળ પર રહેવાને બદલે જમીન પર ક્યારે દેખાય છે, તેના પર હવે કુબેરનગર, સરદારનગર અને નરોડાની જનતાની નજર રહેશે.

### બુટલેગર પોલીસને હાથતાળી આપી ફરાર

## સાણંદ પાસે લક્ઝુરિયસ કારમાંથી લાખોનો દારૂ ઝડપાયો

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ પોલીસે કડી-સાણંદ રોડ પરથી બાતમીના આધારે લાખોનો વિદેશી દારૂ ઝડપ્યો છે. પોલીસે વોચ ગોઠવી લક્ઝુરિયસ કારમાંથી 1542 બોટલ વિદેશી દારૂ સાથે કુલ 14,78,640 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો. જોકે, દારૂની હેરફેર કરનારા આરોપીઓ પોલીસને હાથતાળી આપી ફરાર થતા પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

સાણંદ પોલીસે બાતમીના આધારે કડી-સાણંદ રોડ પરથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે વોચ ગોઠવીને લક્ઝુરિયસ કારમાંથી 1542 નંગ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સાથે કુલ 14,78,640 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આ સમગ્ર ઘટનામાં દારૂની હેરફેર કરનાર આરોપીઓ પોલીસને હાથતાળી આપીને ભાગી ગયા હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે બાતમીને આધારે ગાડીમાંથી 1542 દારૂની બોટલ ઝડપી છે. પરંતુ દારૂની હેરફેર કરનારા સ્થળ પરથી ફરાર થઈ જતા નવાઈ લાગી રહી છે. જોકે પોલીસે માત્ર દારૂની બોટલ પકડીને સંતોષ માની લીધો હોય તેવું લાગી રહ્યું છે. આ ઉપરાંત આ રીતે દારૂની હેરફેર કરનાર, મંગાવનાર અને સપ્લાય કરનાર ક્યારે ઝડપાય છે તે જોવું રહ્યું.




પોલીસને બાતમી મળી હતી કે એક કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને કડી-સાણંદ રોડ પરથી સાણંદ તરફ આવવાનો છે. પોલીસે ભાવનપુરા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. જ્યારે બાતમીવાળી કાર ત્યાં પહોંચી, ત્યારે પોલીસે રસ્તા પર અન્ય વાહનોની આડા ઊભી કરી તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ડ્રાઈવરે ગાડી રોકવાના બદલે ભગાવી દીધી હતી, જે બાદ પોલીસે પીછો કરીને આ કારને ઝડપી પાડી હતી અને અંદર તપાસ કરતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

### અમદાવાદમાં McDonald's રેસ્ટોરન્ટ રાતોરાત સીલ

## વેજ બર્ગરના બદલે ચિકન બર્ગર મોકલી દેતાં ગ્રાહક ભડક્યો

### ગ્રાહકની ગંભીર ફરિયાદ મળતાની સાથે જ AMCના ફૂડ વિભાગની ટીમ હરકતમાં આવી ગઈ હતી

અમદાવાદ

મેગા સિટી અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ મેકડોનાલ્ડ્સ (McDonald's) ની એક ફ્રેન્ચાઈઝી સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે મોટી અને કડક કાર્યવાહી કરી છે. ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ દ્વારા શુદ્ધ શાકાહારી (વેજ) બર્ગરનો ઓર્ડર આપનાર એક જાગૃત યુવકને વેજના બદલે ચિકન (નોન-વેજ) બર્ગર મોકલી આપીને ધાર્મિક અને શ્રદ્ધાકીય ભાવનાઓ સાથે ખિલવાડ કરવામાં આવ્યો હતો. આ ગંભીર બેદરકારી સામે આવેલી ફરિયાદના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ ડિપાર્ટમેન્ટે ત્વરિત પગલાં ભરીને મેકડોનાલ્ડ્સ આઉટલેટને રાતોરાત સીલ કરી દીધું છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદના એક યુવકે જાણીતી ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ દ્વારા મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટમાંથી પોતાના માટે શુદ્ધ શાકાહારી (વેજ) બર્ગર ઓર્ડર કર્યું હતું. ઓર્ડર ઘરે પહોંચ્યા બાદ જ્યારે યુવકે પેકિંગ ખોલીને ખાવાનો પ્રયાસ કર્યો ત્યારે તે ચોંકી ઉઠ્યો હતો. બર્ગર વેજ નહીં પરંતુ નોન-વેજ (ચિકન બર્ગર) હતું. પોતાની ધાર્મિક આસ્થા અને શાકાહારી નૈતિકતા પર થયેલા આ પ્રહારથી નારાજ થયેલા યુવકે તુરંત જ મેકડોનાલ્ડ્સના સંચાલકોનો સંપર્ક કર્યો હતો. પરંતુ ત્યાંથી યોગ્ય પ્રતિસાદ ન મળતાં અને બેદરકારીભર્યું વલણ જણાતાં યુવકે સમગ્ર મામલે આધાર-પુરાવા સાથે



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ હેલ્થ વિભાગમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ગ્રાહકની ગંભીર ફરિયાદ મળતાની સાથે જ AMC ના ફૂડ વિભાગની ટીમ હરકતમાં આવી ગઈ હતી. ફૂડ અધિકારીઓની ટીમે મોડી રાત્રે જ સંબંધિત મેકડોનાલ્ડ્સ આઉટલેટ પર દરોડો પાડ્યો હતો. તંત્ર દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરીને ગ્રાહકની સુરક્ષા અને આસ્થા સાથે રમત રમવા બદલ આઉટલેટને રાતોરાત સીલ (Lock & Seal) મારી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત, ફૂડ વિભાગે કિચનમાં વપરાતી સામગ્રી, શાકાહારી અને માસાહારી ખોરાક સ્ટોર કરવાની પદ્ધતિઓ તથા ક્રોસ-કોન્ટામિનેશન અંગે પણ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## ઘુમા બાદ ઝુંડાલ-ચાંદખેડામાં દીપડો દેખાયો હોવાનો દાવો : લોકોમાં ભારે ફફડાટ વ્યાપ્યો..

અમદાવાદ

અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં વન્યજીવ દીપડાની હાજરીને લઈને નાગરિકોમાં ભય અને દહેશતનો માહોલ સતત ઘેરો બની રહ્યો છે. થોડા દિવસો અગાઉ ઘુમા વિસ્તારમાં દીપડાની અવરજવરના સમાચાર બાદ હવે સરદાર પટેલ રિંગ રોડ (SP Ring Road) પર આવેલા ઝુંડાલ અને ચાંદખેડા પંથકમાં પણ દીપડો જોવા મળ્યો હોવાના ચોંકાવનારા દાવા સામે આવ્યા છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, એસ.પી. રિંગ રોડ નજીક આવેલા એક કેફેના માલિકે મોડી રાત્રે વિસ્તારમાં દીપડા જેવું હિંસક પ્રાણી જોયું હોવાનો દાવો કર્યો છે. આ ઉપરાંત, ઝુંડાલ અને વૈષ્ણોદેવી બ્રિજ આસપાસથી પસાર થતાં સ્થાનિક રહીશો તથા વાહનચાલકોએ પણ મોડી રાત્રે દીપડો જોયો હોવાની વાત વહેતી કરતાં સમગ્ર ચાંદખેડા-ઝુંડાલ પંથકમાં ભયનો કંપારી છૂટી ગઈ છે.

રાત્રિના સમયે અચાનક દીપડા જેવા જંગલી જાનવરની હાજરીની ચર્ચા પ્રસરી જતાં આસપાસની સોસાયટીઓના રહીશો અને મોડી રાત્રે અવરજવર કરતા લોકોમાં સુરક્ષાને લઈને ભારે ચિંતા વ્યાપી ગઈ છે. સ્થાનિકો દ્વારા આ અંગે વન વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી.

### તંત્રના નાક નીચે માસૂમોનું શોષણ!

## અમદાવાદના ગુજરાત બોટલિંગ વિસ્તારમાં બાળમજૂરીનો કાળો કારોબાર

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદાના લીરેલીરા ઉડાડતો એક અત્યંત શરમજનક અને કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આધારભૂત સૂત્રો દ્વારા મળતી સનસનાટીભરી માહિતી મુજબ, અમદાવાદના ગુજરાત બોટલિંગ પાસે આવેલા મોટાભાગના કારખાનાઓમાં ખુલ્લેઆમ બાળમજૂરી કરાવવામાં આવી રહી છે. ભણવાની અને રમવાની ઉંમરે માસૂમ બાળકોના હાથમાં પુસ્તકોની જગ્યાએ કારખાનાના મશીનો અને જોખમી ઓજારો પકડાવી દેવાયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત બોટલિંગ આસપાસ ધમધમતા કારખાનાઓમાં સસ્તા મજૂરના નામે નાના બાળકોનું નિર્દયતાથી આર્થિક અને શારીરિક શોષણ થઈ રહ્યું છે. કલાકો સુધી



તેમની પાસે કાળી મજૂરી કરાવવામાં આવે છે. અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે: શું સ્થાનિક પોલીસ અને શ્રમ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ કાળા કારોબારની ખરેખર કોઈ જ જાણ નથી? શું હપ્તાખોરી અને ભ્રષ્ટાચારના સગવડિયા અંધાપા હેઠળ આ ગોરખધંધાને છાવરવામાં આવી રહ્યો છે? ચાઈલ્ડ લેબર એક્ટના કડક કાયદાઓ શું માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા છે?

એક તરફ તંત્ર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન અને બાળ અધિકારોની મોટી મોટી ગુલબાંગો ફેંકવામાં આવે છે, અને બીજી તરફ મેગા સિટી અમદાવાદની મધ્યમાં જ બાળકો પાસે મજૂરી કરાવીને તેમના ભવિષ્યને અંધકારની ખાઈમાં ધકેલવામાં આવી રહ્યું છે. કારખાનાના માલિકો પોતાના ચંદ રૂપિયાના નફા માટે આ ગરીબ અને લાચાર માસૂમોની મજબૂરીનો ફાયદો ઉઠાવી રહ્યા છે.

પાક્કો ગુજરાતનો સીધો લલકાર:

આ માત્ર કાયદાનો જ નહીં, પરંતુ માનવતાનો સૌથી મોટો ગુનો છે. પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રને સીધો સવાલ કરે છે કે, શું બાળમજૂરી કરાવતા આ કારખાનાઓ પર તાત્કાલિક દરોડા પાડીને આ માસૂમોને મુક્ત કરાવવાની હિંમત તંત્ર દાખવશે કે પછી તપાસના નામે માત્ર ડ્રોઈંગરૂમમાં બેસીને નાટકો જ ભજવાશે?

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI